ગુજરાતી માઈક્રોફિક્શનનું પહેલું અને એકમાત્ર સામયિક

# સર્જન

વર્ષ ૧, અંક ૬ સંપાદક:રાજુલ ભાનુશાલી જુલાઈ ૨૦૧૭



एकोहम बहुस्याम्।
- છાંદોગ્ય ઉપનિષદ (૬.૨.૩)

# સર્જન

અંક ૬ જુલાઈ ૨૦૧૭ વર્ષ ૨

માર્ગદર્શક – નીલમ દોશી

સંપાદક – રાજુલ ભાનુશાલી

સહસંપાદક - જીગ્નેશ કાનાબાર, ધવલ સોની

સંપાદન સહાય - સંજય ગુંદલાવકર, મીરા જોશી

ગ્રાફિક્સ, સોશિયલ મીડિયા - જલ્પા જૈન, હાર્દિક પંડ્યા

સંકેત વર્મા, હીરલ કોટડિયા

તંત્રી – જીજ્ઞેશ અધ્યારૂ

પ્રકાશક – પ્રતિભા ભટ્ટ અધ્યારૂ

પ્રકાશન

અક્ષરનાદ AksharNaad.com

જીજ્ઞેશ અધ્યારૂ, એ-૪૬, સાંઈનગર સોસાયટી,

ખોડીયાર નગર પાછળ, ન્યૂ વી આઈ પી રોડ, વડોદરા ૨૨

ફોન - ૯૯૭૪૪ ૧૦૮૬૮

વેબ – http://aksharnaad.com

## વાચકમિત્રો / લેખકમિત્રોને સૂચના:-

- ’સર્જન’ માત્ર માઈક્રોફિક્શન વાર્તાસ્વરૂપ માટેનું માસિક ઈ-સામયિક છે એ દર માસની પંદરમી તારીખે પ્રગટ થશે.
- નવોદિત રચનાકારોને અહીં હાર્દિક આવકાર છે. લેખકમિત્રો અમારા ઈ-મેલ સરનામે કૃતિઓ પ્રકાશનાર્થે મોકલી શકે છે.
- મહત્તમ ૩૦૦ શબ્દમર્યાદામાં કૃતિ મોકલવી, બે થી વધુ ન મોકલવી. અન્યત્રપ્રિન્ટ કે ઓનલાઈન પ્રકાશિત કૃતિઓ ન મોકલવી.
- સર્જન સામયિક અને વોટ્સએપ ગૃપ સાથે સંકળાયેલા તમામ સભ્યો સ્વેચ્છાએ માનદ સેવા આપે છે, એ અનુસંધાને પ્રકાશિત કૃતિ માટે પણ પુરસ્કારનું ધોરણ રાખ્યું નથી જેની નોંધ લેવી.
- કૃતિ વર્ડમાં શ્રુતિ ફોન્ટમાં ટાઈપ કરીને મોકલવી, સાથે ઈ-મેલમાં નામ, ફોટો, સંપર્ક સરનામું તથા ફોન નંબર અચૂક લખવા. હાથે લખાયેલી, સ્કેન કરાયેલી વાર્તાઓ પણ સ્વીકારાશે, તેના નિર્ણય, પ્રકાશનમાં વિલંબ થશે. પોસ્ટ કે કૂરીયર દ્વારા રચનાઓ સ્વીકારાતી નથી.
- ઈ-મેલ દ્વારા માઈક્રોફિક્શન વાર્તા Sarjanmfc@gmail.com પર સબ્જેક્ટમાં For Sarjan Micro fiction magazine લખીને મોકલવી, મહત્તમ પંદર દિવસની મર્યાદામાં આપને કૃતિના સ્વીકાર-અસ્વીકાર વિશેની માહિતી વળતા ઈ-મેલ દ્વારા મળશે.
- સર્જનમાં પ્રસિદ્ધ થતા લખાણની જવાબદારી જે તે લેખકની છે, અહીં પ્રકાશિત રચનાઓ, અભિપ્રાયો સાથે સંપાદક મંડળ સંમત હોય એ જરૂરી નથી.
- માઈક્રોફિક્શનમાં વાક્યરચના, જોડણી વગેરેની ભૂલો ચકાસીને મોકલવી. એ માટે સાર્થ જોડણીકોશ કે નાનો કોશ અથવા ગુજરાતીલેક્સિકોનનું સ્પેલચેકર અથવા વિશાલભાઈ મોણપરાનું સરસ સ્પેલચેકર ઉપયોગમાં લઈ શકાય છે.
- વાચકમિત્રો પોતાના પ્રતિભાવો અમારા ઈ-મેલ સરનામે Sarjanmfc@gmail.com મોકલી શકે છે. નોંધપાત્ર પ્રતિભાવો સામયિકમાં પ્રસિદ્ધ કરવામાં આવશે.

*Title page image courtsy Freeimages*

# અર્પણ



# ખજૂરાહોના શિલ્પોને..

# માઈક્રોક્રમ


સંપાદકીય - રાજુલ ભાનુશાલી ..... 5

શૃંગાર : છલકે રસ વસંત - સ્વાતિ નાયક ..... 9

૧) મધલાળ - સંજય ગુંદલાવકર ..... 13

૨) અતૃપ્ત - દિવ્યેશ વિ. સોડવડિયા ..... 14

૩) હમસફર - જીજ્ઞેશ અધ્યારૂ ..... 14

૪) સાધના - મીતલ પટેલ ..... 15

૫) મોરપીંછ - રાજુલ ભાનુશાલી ..... 16

૬) જરૂરિયાત - નિમિષ વોરા ..... 17

૭) ટેક - ભારતીબેન ગોહિલ ..... 17

૮) સમુદ્રતટે - વિભાવન મહેતા ..... 18

૯) શો ગર્લ - સુષમા શેઠ ..... 18

૧૦) પહેલા નશા - સુષમા શેઠ ..... 19

શૃંગારરસની સર્જનયાત્રા - ભારતીબેન ગોહિલ ..... 20

ડૉ. રાજેશ વણકરની કલમે શૃંગારરસ ..... 22

૧૧) સમાધિ - લીના વછરાજાની ..... 26

૧૨) નીંદણ - હીરલ વ્યાસ 'વાસંતીફૂલ' ..... 26

૧૩) તલવાર - હિરલ કોટડીયા ..... 27

૧૪) દમલી - ભારતીબેન ગોહિલ ..... 27

૧૫) ઓકે - સમીક્ષા ઠૂંમ્મર ..... 28

૧૬) અજાણી - નીવારોઝીન રાજકુમાર ..... 29

૧૭ ભ્રમ - ગોપાલ ખેતાણી ........ 29

૧૮) બેબી ડોલ - સંજય થોરાત ........ 30

૧૯) હું આવીશ - સંકેત વર્મા ........ 31

૨૦) ટેસ્ટ - દિવ્યેશ વિ. સોડવડિયા ........ 31

શૃંગારની સંસ્કૃતિ - ધવલ સોની ........ 32

સર્જન છઠ્ઠા અંકની ટીમ ........ 37

## સોશિઅલ મીડિયામાં સર્જન

ફેસબુક - http://facebook.com/microsarjan

ટ્વિટર - https://twitter.com/sarjan_mfc

વોટ્સએપ – ૯૯૭૪૪ ૧૦૮૬૮

વેબસાઈટ – http://microsarjan.in

# સંપાદકીય - રાજુલ ભાનુશાલી

<u>શૃંગારના લેખા-જોખા</u>

*ફિલ્મઃ પરિંદા,*

*હીરો હીરોઈનઃ માધુરી દીક્ષિત અને અનિલ કપૂર*

*સીનઃ સુહાગ રાતનો*

કરણ (અનિલ કપૂર) અને પારો (માધુરી દીક્ષિત) ના લગ્ન થયા છે. આજે એમની સુહાગરાત છે. પારો સફેદ ટુ-પીસ નાઈટ ગાઉનમાં ઝૂલા પર બેઠી છે. કરણ એના ખોળામાં માથું રાખીને સૂતો છે. થોડીક આંખો આંખોમાં બાત પછી કરણ પારોના ગળા પાસેનું ફૂમતું ખેંચીને નાઈટ ગાઉન ખોલવાનો પ્રયત્ન કરે છે. પણ એ ખૂલતુ નથી. એ થોડુંક વધુ જોર આપી પ્રયત્ન કરે છે. છતાં ફૂમતું લતું નથી. માધુરી હસી પડે છે. એ ઝૂલા પરથી ઉભી થઈ જાય છે અને પ્રેસ બટનથી બંધ કરેલા એ ફુમતાને ખેંચી કાઢે છે ત્યારે પારોના ચહેરા પર જે હાવભાવ છે એ છે શૃંગાર!

કોઈ પણ પ્રકારના સાહિત્યને વાંચવા, સાંભળવા અથવા જોવાથી જે આનંદ મળે છે એને રસ કહેવામાં આવે છે. રસ નિષ્પતિના ત્રણ મુખ્ય અવયય છે. ભાવ, વિભાવ અને અનુભાવ.

ભાવ એટલે આપણા મનમાં જે આવેગો અને વિકારો હોય એ. ભાવ પણ વળી બે પ્રકારના હોય છે. સ્થાયી ભાવ અને સંચારી અથવા વ્યાભિચારી ભાવ. આ જે સ્થાયી ભાવ છે એ પ્રત્યેક મનુષ્યમાં સ્થાયીરૂપે હોય છે. કોઈ પણ મનુષ્ય એનાથી વંચિત હોતો નથી. કૂલ નવ પ્રકારના સ્થાયી ભાવ હોય છે, જેમાં પ્રથમ છે રતિ. અને આ રતિમાંથી ઉદ્દ્ભવતો રસ છે શૃંગાર. શૃંગાર સૃષ્ટિનો સૌથી વ્યાપક ભાવ છે જે મનુષ્ય તો ઠીક પરંતુ દરેક પ્રાણીમાત્રમાં જોવા મળે છે અને એટલે જ એને રસરાજ કહેવામાં આવ્યો છે. આ શૃંગારના પણ વળી બે પ્રકાર છે. સંયોગ શૃંગાર અને વિયોગ શૃંગાર. વિયોગ શૃંગાર વિપ્રલંભ શૃંગાર તરીકે પણ ઓળખાય છે.

વિપ્રલંભ શૃંગારની વાત આવે ને કાલિદાસના અપ્રતિમ કાવ્ય 'મેઘદૂત'નું સ્મરણ થઈ આવે. 'મેઘદૂત' વિરહશૃંગારનું મર્મસ્પર્શી કાવ્ય છે. જેના વિશે કંઈ કહેવા જઈએ તો શબ્દો ઓછા પડે. અષાઢસ્ય પ્રથમ દિવસે આકાશમાં એક રમતિયાળ મેઘને જોતાં જ કુબેરના શાપથી પ્રિયતમાથી વિખૂટો પડેલો એક યક્ષ વ્યાકુળ બની જાય છે અને પ્રિયતમા જ્યાં રહે છે એ તરફ ગતિ કરતા મેઘને પોતાનો પત્રદૂત બનાવી વિરહિણી પ્રિયાને સંદેશો મોકલવા તત્પર થાય છે. એ દૂત એ જ મેઘદૂત. કાલિદાસ મેઘને 'સ્નિગ્ધવેણી' યાને સ્ત્રીના કેશ જેવો કાળો અને સુંવાળો કહે છે. આમ્રકૂટ પર્વત પીળી પાકેલી આંબાની ડાળથી છવાયેલા પર્વત હોઈ ને એના શિખર ઉપર વરસાદી

વાદળો સ્થિર થશે, ત્યારે શ્યામ ટોચ અને ફરતે ઉપસેલી ગૌર ગોળાઈને લીધે એ પૃથ્વીના સ્તન જેવો લાગશે એમ યક્ષ મેઘને કહે છે! માર્ગમાં આવતી વેત્રવતી નદીના વહેવાનો અવાજ કામક્રીડાના ધ્વનિ જેવો ઉત્તેજક ગણીને મેઘને એ નદીનું પુરૂષ સ્ત્રીનું ચુંબન લે, ક્ષીપ્રા નદી માટે કાલિદાસે કહ્યું છે, જેમ આખી રાતના રતિશ્રમથી થાકેલી શય્યાસંગિનીનો થાક પુરૂષ એના માથે હળવેથી હાથ ફેરવીને ઉતારે, એમ ક્ષીપ્રાની લહેરખીઓ થાક ઉતારતો મૃદુ સ્પર્શ કરે છે! કવિ કાલિદાસે આપણને શાકુંતલ, કુમાર સંભવ, મેઘદૂત જેવા શૃંગાર પ્રચૂર ગ્રંથો આપ્યા. કવિ કાલિદાસ એટલે શૃંગાર રસના રાજા.... શૃંગાર રસ કેવો હોય તે સમજવું હોય તો કવિ કાલિદાસને અચૂક વાંચવા રહ્યા.

શૃંગાર અને અશ્લીલતા વચ્ચે અત્યંત પાતળો ભેદ છે. આ એવું છે કે એક અત્યંત પાતળી પાળી પર ચાલવાનું છે અને અંતર પણ પાર કરવાનું છે, સમતુલા જાળવવાની છે. એક તરફ એ સપાટ જમીન છે જ્યાંથી તમે પાળી પર ચડ્યા છો અને બીજી તરફ કાદવ. જો સમતુલા બગડી અને બીજી તરફ પડ્યા તો ખરડાવાનો ભારોભાર ખતરો અને પેલી તરફ પડ્યા તો કશું જ પ્રાપ્ત થવાની શક્યતા શૂન્ય! એટલે કે ઠેરના ઠેર.

પણ આ ભેદ પારખવો કઈ રીતે? શૃંગાર અને અશ્લીલતા વચ્ચેનો ફરક નક્કી કેવી રીતે કરવો? એના કોઈ માપદંડો છે? કોઈ આદર્શ માર્ગદર્શિકા કે માપદંડ છે? કોઈ માત્રા નક્કી કરેલી છે કે, આટલી જ માત્રા સુધીના વર્ણનને શૃંગાર કહેવાય.. તો એનો જવાબ છે ના! એ ખૂબ જ વ્યક્તિગત બાબત છે. સૌની ગ્રહણ કરવાની અને સમજવાની ક્ષમતા જુદી જુદી હોય છે. એક ફિલ્મ કોઈ એક વ્યક્તિ માટે શૃંગારિક હોઈ શકે અને એ જ ફિલ્મ બીજી વ્યક્તિ માટે અશ્લીલ પણ હોઈ શકે. અહીં વ્યક્તિની વિચારધારા અને આસપાસના વાતાવરણનો પ્રભાવ વર્તાય છે. કોઈ વ્યક્તિ સલમાન ખાનની એક્શન ફિલ્મોની દિવાની હોય તો કોઈને એ ફિલ્મો ખૂબ જ અતિરેકસભર અને વાહિયાત લાગતી હોય એવું બને.

એક્શન ફિલ્મોમાં આ એક્શન એટલે મૂળે તો વીરરસનો પ્રયોગ. તાજેતરમાં આવેલી બાહુબલીનું ઉદાહરણ લઈએ. બાહુબલીમાં વીરરસનો વિનિયોગ ખૂબ સુંદરતાથી થયો છે. યુદ્ધ, સાહસ, વીરતા અને સજ્જતાનો સુભગ સમન્વય. પણ સલમાનખાનની તાજેતરની ફિલ્મો અથવા દક્ષિણની એક્શન ફિલ્મોમાં આ વીરરસ પોતાની ઓળખ ગુમાવીને ફક્ત મનોરંજન પીરસે છે. અવિશ્વસનીય સ્ટંટને કારણે તે વીરરસ ન રહેતા 'આઈટમ' બની જાય છે.

રસ જ્યારે રસ ન રહે અને આઈટમમાં પરિવર્તિત થઈ જાય ત્યારે તે સૂક્ષ્મ કે સ્થૂળ પ્રકારની વિકૃતિ રજૂ કરે. શૃંગારરસ જ્યારે 'આઈટમ' તરીકે રજૂ થાય ત્યારે તે પોર્ન હોય. શરૂઆતમાં પરિંદા ફિલ્મના ના જે દ્રશ્યની વાત કરી એમાં આગળ નાયક નાયિકાના બીજા દ્રશ્યો પણ છે કે જે કદાચ 'શૃંગાર'ની સીમા પાર કરી જાય છે. અહીં

વળી પાછો એ પ્રશ્ન તો ખરો જ કે આ 'સીમા'ની પરિભાષા શું? કોણે અને કેવી રીતે નક્કી કરી આ સીમાઓ...! ફરી આ વાત વ્યક્તિગત ક્ષમતા અને સમજ પર આવીને અટકી જાય છે.

વાર્તામાં વર્ણવાયેલા કે દેખાડાયેલા બળાત્કારના દ્રશ્ય ક્યારેય 'શૃંગાર'માં ન ગણાઈ શકે કોઈ પણ રસ નકારાત્મક ન હોઈ શકે, પછી એ હાસ્યરસ હોય, વીરરસ હોય, કે પછી શૃંગારરસ હોય. જો તે નકારાત્મક ભાવ આપે છે તો તે વિકૃત છે. જેમકે ગુજરાતી સાહિત્યના મૂર્ધન્ય હાસ્યલેખક જ્યોતિન્દ્ર દવે એ જે સાહિત્ય આપ્યું છે એ નર્યું અને નરવું સૂક્ષ્મ હાસ્ય છે. એમનાં હાસ્યની પાછળ મનુષ્યની સ્વભાવગત વિલક્ષણતા અને વિચિત્રતાનું બારીક નિરીક્ષણ હોય. તત્વજ્ઞાન એમના હાસ્યની કરોડરજ્જુ છે. પણ એ સામે આજકાલ સમાચારપત્રોમાં આવતી અમુક કૉલમ, અમુક ગુજરાતી નાટકો, ગ્રાંડ મસ્તી જેવી ફિલ્મોમાં હાસ્ય શિષ્ટ ન રહેતા એમાં અશિષ્ટતા પ્રવેશી જાય છે. કોઈને નીચા બતાવીને, કોઈ ચોક્કસ જ્ઞાતિ કે વ્યક્તિની તેના જન્મ, રંગ કે જાતિ કે વ્યવસાયની અથવા શારિરીક ખામીની મજાક ઉડાવીને અથવા દ્વિઅર્થી સંવાદો અને વાતો દ્વારા ઉપજતું હાસ્ય, બીભત્સ રસ લઈ આવે છે. બીજા શબ્દોમાં કહીએ તો 'આઈટમ' બની જાય છે.

ગુજરાતી સાહિત્યમાં શૃંગાર રસવાળી વાર્તાઓ જ્યારે શોધવાનો પ્રયત્ન કર્યો ત્યારે આંગળીને વેઢે ગણી શકાય એટલી વાર્તાઓ માંડ મળી. કામસૂત્ર અને શૃંગારશતકથી શરૂ થયેલી આપણી શાસ્ત્રીય પરંપરા અને સહજ સંબંધ સ્વીકારનો આજે આવો છોછ કેમ? ખજૂરાહોના શિલ્પોમાં કંડારાયેલા શૃંગારનો આવો અદ્દભૂત રસ જેના કારણે સંપૂર્ણ સૃષ્ટિની ઉતપત્તિ થઈ એનો સાંપ્રત સમયમાં કેટલો છોછ!

શૃંગારની વાત આવે એટલે મંટોની બૂ અને ઠંડા ગોશ્ત યાદ આવ્યા વગર ન રહે. ઈસ્મત ચૂગતાઈની લિહાફને પણ શૃંગારનું ઉત્કૃષ્ટ ઉદાહરણ કહી શકાય. ગુજરાતી સાહિત્યમાં વર્ષો પહેલા આવેલી ચંદ્રકાંત બક્ષીની કુત્તી પણ આ કેટેગરીમાં આવે. બની શકે કે કોઈને ઉપર જાણાવી એ બધી વાર્તાઓમાં અભિવ્યક્તિ 'શૃંગાર' કરતાં કંઈક થોડીક વધુ લાગી શકે, પણ ફરીથી એ વ્યક્તિગત મત હોઈ શકે

શોધખોળ કરતાં ગુજરાતી સાહિત્યની એવી કેટલીક નિતાંત સુંદર વાર્તાઓ મળી આવી જેમાં શૃંગારના ચમકારા દેખાયા. જેમાંથી અમુક અહીં જોઈએ. ગાંધીયુગનાં અગ્રગણ્ય કવિ-વાર્તાકાર ઉમાશંકર જોશી પાસેથી આપણને 'મારી ચંપાનો વર' જેવી વાર્તા મળી છે જેનો શૃંગારના ઉત્કૃષ્ટ ઉદાહરણમાં સમાવેશ થઈ શકે.

વાર્તાનો આરંભ લક્ષ્મીના માંડ બે વર્ષના ચાલેલા લગ્નજીવનના કરૂણ અંતથી થાય છે. હજી તો માંડ યૌવનમાં પગ માંડયા છે, ત્યાં લક્ષ્મી વિધવા થઈ છે. ધણી મૂઓ ને લક્ષ્મીય મૂઈ! લક્ષ્મીને ફરીવાર પરણવાનો અધિકાર નથી. તેથી તેને પોતાની ઈચ્છાઓનું દમન કરવું પડે છે અને એ દમિત થયેલી 'કામેચ્છાઓ' જુદા જ રૂપમાં પ્રગટતી

દેખાય છે. લક્ષ્મી પોતાની દબાયેલી ઈચ્છાઓ અને આકાંક્ષાઓને પૂનમલાલના પાત્રમાં પ્રાપ્ત કરવાની કોશિશ કરતી દેખાય છે. પૂનમલાલ લક્ષ્મીની બહેનપણીનો પતિ છે.

વાર્તામાં - લક્ષ્મી પોતાને વાગેલા પથ્થરનું નિશાન બતાવવા કમખાથી બાંય થોડી ઉંચી ચડાવી, કોણીથી સહેજ ઊંચે એણે ઘા બતાવ્યો. ‘જુઓ, હજી આ ઘા રહ્યો’.... ‘અંધારું વધતું જતું હતું.... ’ના, ના લાગેલું જ છે.’ ઘાને લૂછવા આંગળીઓ વડે પ્રયત્ન કરીને પૂનમલાલે કહ્યું, ત્યારે લક્ષ્મીના આખાય શરીરના અણુઅણુએ એ સાંભળ્યું. બહેનપણીના મૃત્યુ પછી એ પોતાની દીકરીને આધેડ ઉંમરના પૂનમલાલ જોડે પરણાવી દે છે. વાર્તાને અંતે જ્યારે પૂનમલાલ ટૂંકી માંદગી ભોગવી મૃત્યુ પામે છે ત્યારે રડતી દીકરીને છાની રાખતાં એ બોલે છે ’તું રો મા, ચંપા. હું કયાં રોનારી બેઠી નથી?’ આ વિધાનોમાં પણ લક્ષ્મીનો પૂનમલાલ તરફનો કામભાવ બહુ સૂક્ષ્મ છતાં સ્પષ્ટ રીતે પ્રગટતો જોઈ શકાય છે.

’ખીચડી’ ગુજરાતી ભાષાની એક વિશિષ્ટ વાર્તા છે. જયંત ખત્રીની અત્યંત જાણીતી વાર્તાઓમાં ’ખીચડી’ વાર્તા આગવું સ્થાન ધરાવે છે. વાર્તામાં નાયિકા લખડીના પ્રબળ જાતીય આવેગોનું નિરૂપણ જોવા મળે છે. અને ઘણાં વાક્યાંશોમાં શૃંગારના ચમકારા જોવા મળે છે. ’શંકર શેઠની મેડીની લાઈટ ’ટપ" દઈને થાય છે, ને લખડીને બોલાવતાં લખડી ઉપર ચડી જાય છે. મેડી સાફ કરતી લખડી પાસે આવી શંકર શેઠ તેની ફાટેલી ઘાઘરીમાં આંગળી ભેરવી વધારે ફાડે છે’....’જેમ દરેક સ્ત્રીના તેમ લખડીના જીવનમાં આ પ્રસંગ પ્રથમવાર આવ્યો હતો. એણે પોતાની જાતને એ પ્રસંગની મધુરતામાં તણાવા દીધી. આખરે એ સ્ત્રી હતી. જુવાન અને તંદુરસ્ત!’

’લખડી હવે ભરબજારમાં નીકતી પડતી. એના હાથ, પગ, કમર અને ડોક તાલબદ્ધ વળાંક લેતાં. એનાં કપડાં ફાવે તેમ ઉડતાં, લહેરાતાં; એની જવાનીને ઢાંકવાને બહાને સૂચન વહેતાં મૂકતાં.’ કેવું સુંદર અને સટીક આલેખન.

ગુજરાતી સાહિત્યમાં શૃંગારની વાત આવે ત્યારે પ્રિયકાન્ત મણિયારની કવિતા ’કંચુકીબંધ છૂટ્યા ને’ યાદ કરવી જ રહી.

’કંચુકીબંધ છૂટ્યા ને હટ્યું જ્યાં હીર-ગૂંઠન

હૈયાનાં લોચનો જેવાં દીઠાં બે તાહરાં સ્તન.

વૃત્તિઓ પ્રેમની સર્વ કેન્દ્રિત થઈ જ્યાં રહી;

પ્રીતના પક્ષીનો માળો રાતી નીલી નસો મહીં.’

રતિશૃંગારની વાત, એ પણ સાવ જ ઉઘાડાં શબ્દોમાં.... કોઈ રૂપકો નહીં, કોઈ યુક્તિસભર ઉપમા નહીં અને તોય એ સુચારુ કવિતાસ્વરૂપે જનમનને આકર્ષી શકે એવું દૈવત તો કોઈક જ કલમમાં હોય. કવિ સોંસરું જ કહે છે કે ચોળી ખૂલીને જ્યાં રેશમી બંધન હટ્યું કે હૈયાના લોચન સમા બે સ્તન નજરે ચડ્યાં. કવિ બે સ્તનને એમની નીચે ધબકતા હૃદયની બે આંખ હોય એમ જુએ છે... પ્રિયતમ સામે નિરાવૃત્ત થવાની અનંગવેગની ચરમક્ષણે ધસમસ વહેતા લોહીને કારણે સ્તનમંડળ પર ઉપસી આવેલી લોહીની રાતી-લીલી નસોમાં કવિને પ્રીતના પંખીનો માળો નજરે ચડે છે. અહીં જ રતિશૃંગાર કવિતાની ચરમસીમાએ પહોંચે છે. આખા કાવ્યના શબ્દે શબ્દમાંથી સાક્ષાત શૃંગાર રસ નીતરે છે.

શૃંગારરસની માઈક્રોફિક્શન લખવાનો અમે પ્રયાસ કર્યો હતો. આ અંકમાં સમાવિષ્ટ સર્જન સભ્યોની એ જ પ્રયાસના પરિપાકરૂપ કેટલીક વાર્તાઓ વિષયની ઉત્કૃષ્ટતાને સ્પર્શી શકી છે, કેટલીક તસુભર માટે રહી ગઈ છે. પરંતુ બધા જ પ્રયત્નો અત્યંત સરાહનીય રહ્યાં. ભવિષ્યમાં સર્જનના સભ્યો પાસેથી ઉત્તમ શૃંગાર વાર્તાઓ મળી રહેશે એવી આશાસહ વિરમું છું.

- રાજુલ ભાનુશાલી

* * *

## શૃંગાર : છલકે રસ વસંત - સ્વાતિ નાયક

પરિચય

*(વ્યવસાયે પ્રાધ્યાપક એવા નવસારીના ડૉ. સ્વાતિ નાયકે કેમેસ્ટ્રીમાં પી.એચ.ડી કર્યું છે.. પણ એમનો પહેલો પ્રેમ સાહિત્ય છે! નાટક, વાર્તા, એકપાત્રિય અભિનય, કવિતા તથા લેખ લખવા એમનું પ્રિય કામ. ગુજરાત સાહિત્ય અકાદમીની સહાયથી એમનું વાર્તાનું પ્રથમ પુસ્તક 'અમૃતા' પ્રગટ થયું છે. આઇ.એન.ટી ગુજરાત સમાચાર રાજ્યકક્ષાની નાટ્ય સ્પર્ધાઓમાં ત્રણ વાર, યુનિવર્સીટી નાટ્ય સ્પર્ધાઓમાં ત્રણ વાર અને લાયન્સ ક્લબ કોમ્પિટિશનમાં એક વાર એમણે બેસ્ટ સ્ક્રીપ્ટ માટે એવોર્ડ જીત્યા છે. આઇ.એન.ટી. ગુજરાત સમાચાર નાટ્ય સ્પર્ધામાં અને 'રંગપૂજા વલસાડ' આયોજિત ગુજરાત-મહારાષ્ટ્ર નાટ્ય સ્પર્ધામાં શ્રેષ્ઠ સ્ક્રીપ્ટની સાથે શ્રેષ્ઠ ડિરેક્ટરનો એવોર્ડ પણ મેળવ્યો. તેમની એકપાત્રિય અભિનયની તમામ સ્ક્રીપ્ટ ઘણી રાજ્યકક્ષાની સ્પર્ધાઓમાં વિજેતા નીવડી છે. સંદેશ તથા નવસારીના 'સર્વકાલીન સમાચારપત્ર'ના તેઓ કટારલેખક છે. તે ઉપરાંત એમણે વર્ષ 2016ની કેતન મુનશી વાર્તા સ્પર્ધામાં 25000 રૂપિયાનું પ્રથમ પારિતોષિક પ્રાપ્ત કર્યું હતું)*

સૃષ્ટિના ઉદ્દભવનું રમ્ય કારણ, સહુને પ્રિય છતાં જેને પ્રગટપણે અભિવ્યક્ત કરવામાં સંકોચ, શરમ કે છોછ અનુભવાતું આવ્યું છે એવો નવરસ પૈકી મધુરો રસ એટલે શૃંગાર રસ. શૃંગાર રસની સુંદરતમ બાબત એ છે કે એ માત્ર મિલનના કે રતિના વર્ણન પૂરતો સીમિત નથી. અલબત્ત સંભોગ શૃંગાર રમ્ય હોય છતાં વિપ્રલંભ શૃંગાર:વિરહભાવનું વર્ણન પણ એટલું જ રમ્ય હોય છે. આ આનંદ અને વિયોગની પીડા, બંને પાસા ભાવકને આનંદ આપે છે અને એટલે જ એને રસરાજ કહ્યો છે. શૃંગારરસનો સ્થાયીભાવ રતિ, પ્રેમ, ક્રીડા છે અને પ્રેમ કોને

ન ગમે? શૃંગારરસના વર્ણન માટે મિલન હોય કે વિરહ, સંભોગ કે વિપ્રલંભ, સહાયક પરિબળ પ્રકૃતિ છે. આમ જુઓ તો પ્રેમ પણ જીવમાત્રની પ્રકૃતિ છે અને એટલે જ એના વર્ણન માટે પુષ્પથી લઈને ભ્રમર, મેઘથી લઈને વસંત અને શબ્દથી સન્નાટા સુધીના પ્રકૃતિરૂપોની મદદ લેવામાં આવે છે. મનુષ્યમાત્રની સ્વભાગતપ્રકૃતિ પ્રેમ આસપાસની પ્રકૃતિ એટલે કે કુદરત સાથે એટલું તાદાત્મ્ય અનુભવે કે મિલન પ્રસંગે ઋતુરાજ વસંતના રંગોની છોળ ઉડે, ફૂલો પર ભ્રમર પ્રેમનો ગુંજારવ કરે ત્યારે મન મનગમતા મિલનની કલ્પના કરી અમથું મલકે. પતંગિયા સ્વપ્નની પાંખો ખોલે. સારસ બેલડી જોઈ શરમાઈ જવાય. મેઘ વરસીને ધરાને આલિંગે. ચન્દ્ર પ્રિયતમાના મુખ જેવો શીતળ, સૌમ્ય, સુંદર લાગે. પ્રકૃતિનો શૃંગાર મનુષ્યની અંદરના રતિભાવને ઝંકૃત કરે ત્યારે એ પ્રેમની પરાકાષ્ઠારૂપ શરીરનું ઉત્કટ સ્નેહમિલન સર્જાય. જ્યારે પ્રકૃતિ રમ્ય હોય ત્યારે હૃદયમાં પ્રીતિભાવ જાગે એ જ રીતે જ્યારે હૃદય પ્રેમમગ્ન હોય ત્યારે એ આસપાસની પ્રકૃતિની સુંદરતમ અવસ્થાનો અનુભવ કરે.... અલબત્ત આ આહલાદક અનુભવ છે.

આ જ પ્રકૃતિ, એનું સૌંદર્ય નાયક નાયિકાના વિરહ દરમ્યાન દાહક બની અંગેઅંગને બાળે છે. પ્રકૃતિના દરેક રૂપ પ્રિયતમની કે પ્રિયતમાની યાદ અપાવે છે અને વિપ્રલંભ શૃંગારસ જન્મે છે. એ જ ચંદ્રની ચાંદની દઝાડે છે. ભ્રમર ફુલનો રસ પીતો શિકારી લાગે છે. મેઘ વેરી બની પ્રેમીની યાદ વધુ તીવ્ર બનાવે છે. વસંતના આહલાદક વાતાવરણમાંય મન સળગે છે અને વિહ્વળ હૃદય કુદરતને જ ફરિયાદ કરે છે. એટલે મેઘદૂત જેવી અમર કૃતિ સર્જાય છે. આમ પ્રાણ પ્રકૃતિ સાથે એકત્વ અનુભવે છે એથી શૃંગારરસ હંમેશા સુંદર લાગે છે.

શૃંગારરસનું આલેખન : કાવ્ય હોય કે વાર્તા, સાહિત્યના દરેક રૂપને અલંકૃત કરી રસાળ બનાવે છે. વાચકના મનોચક્ષુ સમક્ષ કલ્પનોની એક નવી દુનિયા સર્જાય છે જે એની માનવ પ્રકૃતિ એ સદાથી ઝંખી હોય છે. કોઈ ફિલ્મના હીરો હિરોઈનની જેમ કથાના નાયક નાયિકાના રતિ વર્ણન ભાવકને એની પોતાની દુનિયા, એના પોતાનાં કલ્પનો (ફેન્ટસી)સાથે સંગોષ્ઠિ કરતા હોય એવું લાગે અને એ વર્ણવી ન શક્યા હોય એવી દુનિયા લેખક દ્વારા ખૂલી જાય. તો ક્યારેક ભાવકે વિચાર્યું ન હોય એવા વર્ણનો એની દુનિયામાં નવો ઉઘાડ કરી આપે છે અને એનું અનુસરણ દામ્પત્યને નવા રસિક પરિમાણ બક્ષે છે. રસિકતાનું અનુકરણ પ્રેમીઓ માટે કલ્પેલી શૃંગારયાત્રા બની રહે છે. મિલન સમ-ભોગ અને વિરહ કાવ્યયાત્રા બની જાય છે.

મૂળ સંસ્કૃત સાહિત્ય શૃંગારરસથી છલોછલ છે અને મેઘદૂત, શાકુંતલથી કુમાર સંભવ કે પ્રાચીન ગુજરાતીમાં ફાગુ કાવ્ય વસંતવિલાસમાં શૃંગારરસ ભરપૂર છ્લક્યો છે. ત્યારના વર્ણનો અત્યાર સુધી એ જ પ્રકારે વપરાયા છે જેમ કે વસંતઋતુની પાશ્ચાદભૂમિ દર્શાવવા કોકિલ, આમ્રમંજરીથી લઈને પ્રિયતામાનું મુખ વાદળ વચ્ચેના ચંદ્ર સમું, આંખોને માછલી, કેળ સ્તંભ જેવી જંઘા, આંખની ભ્રમર જાણે પુષ્પધનવાનું ધનુષ્ય, નાગ જેવા કે મેઘ જેવા વાળ, કમલ જેવું મુખ, દાડમ જેવા દાંત, પરવાળા જેવા હોઠ, કુંપળ જેવા હાથ, અમૃતકુંભ જેવા સ્તન, કમલદંડ જેવી

બાહુલતા, સિંહ જેવી કટી અને હાથી જેવી ચાલ. આ બધું સદીઓથી લખાય છે છતાં એટલું જ ભોગ્ય લાગે છે. કદાચ આજના વિજ્ઞાન યુગમાં મુખને ખાડા ટેકરા વાળા એક ગ્રહ એવા ચંદ્ર સાથે ન સરખાવાય અને હજાર વોટના દુધિયા બલ્બ સાથે સરખાવીએ તો એમાં રોમાન્ચ ન રહે. સાગના સોટા જેવી કાયાને બદલે પ્લાસ્ટિકની પૂતળી કહીએ તો ય કૃત્રિમ લાગે. પુષ્પ ભ્રમરની જોડી કે વૃક્ષ પર વીંટલાયેલી લતા સમાન સ્ત્રી પુરુષ સંયોગને, સ્ત્રી પુરુષ યુગ્મને મોબાઈલ અને ચાર્જરની જોડી કહીએ તો?

જો કે બીજી એક વાત.... આપણી માનસિકતા સંભોગની નથી. પુરુષ પ્રધાન સમાજ માત્ર સ્ત્રીને ભોગવવાની પ્રથા જાણે છે એથી જ કદાચ સાહિત્યમાં સ્ત્રીશરીરની સુંદરતાના જેટલા વર્ણનો છે એટલા પુરુષના નથી. કદાચ કોઈ સ્ત્રીની દ્રષ્ટિથી શૃંગાર ઓછું લખાયું છે. મિલન સમ-ભોગ થઈ શકે એ માટે સ્ત્રીની કલ્પના, સ્ત્રીની ફેન્ટસી લખાવી જરૂરી છે. સ્ત્રીની કટી મેખલા, કંચુકી, સ્તનમંડલ ને પુષ્પલતા, અમૃતકુંભ સાથે સરખાવતા અસંખ્ય વર્ણન છે. સ્તનમર્દન અને અંગમર્દન વર્ણન પણ છે. સ્ત્રીના હોઠના રસપાનનું વર્ણન છે અને શરમથી લાલ થતા ગાલનો ઉલ્લેખ પણ છે. જ્યારે શિલ્પોમાં પુરુષ શરીર અનુપમ રીતે કંડારાવા છતાં એનાં અનુપમ વર્ણન ઓછા છે. કદાચ એટલે જ જનસમાન્ય પુરુષ સ્ત્રીની પસંદગી કે પ્રસન્નતા માટે પોતે કેવા હોવું જોઈએ એ વાતથી અજાણ રહ્યા છે.

શૃંગારસથી સંકોચ અનુભવવાનું બીજું કારણ એ પણ છે કે આપણા ધર્મ કે સંસ્કૃતિમાં જેટલું બ્રહ્મચર્યને મહત્વ અપાયું છે એટલું સંભોગને અપાયું નથી. પ્રકૃતિની પૂજા થઈ શકે, પણ પ્રકૃતિને પ્રેમ પણ થઈ શકે એ વાતની જેમ કર્તવ્ય સમયે બ્રહ્મચર્ય, દામ્પત્ય સમયે કલાત્મક સંભોગ અને પરસ્પર કોઈ પણ પાત્રની અનિચ્છા હોય ત્યારે વૈરાગ્ય કે વિરક્તભાવ હોવો સમાન રીતે સ્તુત્ય ગણાવા જોઈએ. એમ ન હોય ત્યારે વિકૃતિ જન્મે જે અવૈદ્ય સંબંધો, અકુદરતી રતિ કે બળાત્કાર રૂપે પ્રગટ થાય છે.

શૃંગાર રમ્ય એટલે છે કે એ મનુષ્યની પ્રકૃતિ છે અને એનો સંબંધ બાહ્ય પ્રકૃતિ, કુદરત સાથે છે. માત્ર પ્રકૃતિનું વર્ણન નહીં પરંતુ મૂળ શૃંગારનો સ્થાયી ભાવઃપ્રેમ, રતિ પણ મનુષ્યની મૂળભૂત પ્રકૃતિ છે. વીરતા કે રોદ્રરૂપ કે કદાચ હાસ્ય વગરના માણસ મળી આવે પણ જે જીવમાત્રના જન્મનું સામાન્ય કારણ છે એવા પ્રેમ, રતિ વગરના માણસ ભાગ્યે જ હોય એથી માનવસહજ પ્રકૃતિ પ્રાકૃતિક એવા શૃંગારરસના વર્ણનો જન સમાન્યને ગમે જ. કદાચ સાહિત્યના રતિવર્ણનો અને એનું મુક્ત વાંચન કે ચર્ચા જનસમાન્યનું કુતુહલ કે પિપાસાને યોગ્ય રીતે સંતોષી શકે અને તો રતિભાવ વિકૃત થતો બચી જાય. મૈથુન ખજુરાહો બને અને ક્રિયા કામશાસ્ત્ર બને અને રસ છલકે.

આધુનિક શૃંગારિક વર્ણનો કલાત્મક હોય અને યોગ્ય પ્રતીકો અને રૂપકોનો ઉપયોગ થાય તો ભાવકને રસતરબોળ કારી શકે પણ કલાત્મક ન હોય તો અશ્લીલતાની સરહદ સુધી પહોંચી શકે.... અને ગલગલીયા કરાવે એવું છીછરું સાહિત્ય સર્જાઈ શકે. જે વંચાય તો ખૂબ પણ વિકૃતિ જન્માવે.... માત્ર વાસના જન્માવે. મધુર પ્રણય નહી.

કમનસીબે આપણો સમાજ આવા અશ્લીલ સાહિત્યને સ્વીકારે છે પણ નવયુગલોને કામશાસ્ત્ર કે મેઘદૂતના અનુવાદો ભેટ આપતા અચકાય છે. પણ એ એક મર્યાદાને બાદ કરતા શૃંગાર રસના અદભુત વર્ણનો સાહિત્યમાં થયા છે અને થતા રહે એવી શુભેચ્છા.

## બિંબ

એ એકલી હતી... યુવાન, સુંદર. પણ કોઢનો એ ડાઘ...... એની ડાબી જાંઘની ગુલાબી ત્વચાના સરોવરની વચ્ચે ટાપુ જેવું સફેદ ધાબુ...... મા હતી ત્યાં સુધી તો જ્યારે છોકરો જોવા આવે ત્યારે એ સાડી પહેરે, અરીસામાં એનું અનુપમ રેશમી સૌંદર્ય એની માંજરી આંખોમાં ઝીલાય ન ઝીલાય ને માનો દબાયેલો અવાજ કરગરે:'આ વખતે ન કહેતી.' પણ એને છુપાવેલું સત્ય કે અડધું અસત્ય મંજુર ન્હોતું. એની જીદ, એના સફેદ ડાઘની જીદ અને માની વિદાયએ એને ત્રીસના ઉંબરે મૂકી દીધી.

આજે પાછું તૈયાર થવાનું હતું. એ ઓફિસથી સીધો જ આવવાનો હતો... એ કબાટ ખોલીને ઉભી રહી. સિલ્ક? કોટન? સાડી? ચુડીદાર? સત્ય?

ખુલ્લા કબાટના અરીસા પર ચકલી ચાંચમાં ચાંચ પરોવવા પ્રયત્ન કરતી હતી. કોઈ પણ હિસાબે એને સામેની ચાંચમા ચાંચ પરોવવી હતી. નિષ્ફળતાની સાથે અધીરાઈ વધતી જતી હતી.

એણે ખૂણામાં સંતાડેલી વર્ષોથી ખરીદેલી ટુ પીસ નાઈટી કાઢી. ગુલાબી રેશમ પર આઈ લાઇનરનો કાળો નાનકડો ડાઘ પડતા મૂકી દીધેલી. એના રેશમ જેવા શરીરને એણે ગુલાબી રેશમમાં વીંટાળ્યું

ડોરબેલ વાગ્યો. બારણું ખોલતા એ જરા શરમાઇ..."સોરી, જસ્ટ ન્હાઈને તૈયાર થવા જતી હતી.." એ પાછળ ફરી એણે એને રોકી લીધી. એણે અનાયાસ નાઈટી સરકાવી. પગ તરફનો કટ ખુલ્લો કર્યો. સફેદ ડાઘ દેખાતો હતો. જોવો હોય તો! એ બોલી,"મારે તમને એક વાત કરવી હતી."

પણ એ આગળ વધ્યો. એની નજરને રેશમ પર સરકાવતો,"વાત લગ્ન પછી કરીશું તો ચાલશે?" બોલતો... એની નજર.. એના હાથ.. એનું શરીર ચુંબકીય ખેંચાણથી આગળ વધ્યા. બે ત્રીસની ઉંમરો પીગળી અને ડાઘ વહી ગયો!

ચકલી હજુ એના બિંબમાં ચાંચ પરોવતી હતી. એ ય માળામાં એકલી હશે કદાચ. ને બે શરીરોના તાલ એની ચાંચના ટક ટક અવાજ સાથે નર્તન કરતા રહ્યા.

- સ્વાતિ નાયક

## ૧) મધલાળ - સંજય ગુંદલાવકર

ઉર્વશી નામનું આલ્બમ અચાનક ખુલ્યું... એક લીલીછમ ડાળ પર બે પંખી બેઠા હતા. ઉર્વશી- 'દોમ દોમ સાયબી ને રૂપ રૂપનો અંબાર' ને મયંક- 'ડંખીલો મધલાળ'. ઉર્વશીના ઋજુ હૃદયના સ્પંદનોથી રમે એ પહેલા તો એક શિકારી આવ્યો ને ઉર્વશીને લઈને ઉડી ગયો. હવામાં કોઈનું સ્મરણ રજકણ બનીને ઉડતું હતું. થીજેલા બરફ પર ચોસલાં જેવી કાર રસ્તે ચાલતી હતી, પણ રસ્તો કપાતો ન હતો. રિયર ગ્લાસમાં બધું પાછળ છુટતું ગયું. યાદોની વણઝાર ઉર્વશીના ઉંબરે થોભી.

આજે દશકા બાદ ઉર્વશીના કોરા કપાળ ને આંસુની ભાષા પર મયંકે ટકોરા માર્યા. 'ડંખીલા મધલાળ'ને વસવસો હતો કે શિકારી ફોટો-ફ્રેમમાં મઢાઈ ગયો. એક ખૂણામાં નાની નાની બે આંખો પાંખ ફફડાવી રહી હતી.

જૂની પૂરાણી યાદો ભરેલી સંદૂકમાંથી બહાર નીકળી.

બહાર કરા વરસી રહ્યા હતાં, અંતરમાં ભભુકેલી અધુરા અરમાનોની બળતરા ચાર હાથ સેકતી હતી. ખૂણામાંની આંખોમાં 'પપ્પાની ચેયર પર અંકલ બેઠા?' ઠપકો યાદ આવી ગયો પપ્પાનો, 'બેટા પપ્પાની ગન ને ચેયરથી રમાય નહીં.'

ઉર્વશીના ડીપ ફ્રીજ જેવા હ્રદયમાં મયંકની લાગણીઓના આઇસક્યુબ્સ ઓગળવા લાગ્યા. હિટર ઓન થયું.

એ થીજેલી આંખો, રાતની નીરવતામાં કણસતી હતી, ને અચાનક કાનમાં ઘુમરાવા લાગ્યા ગહન ઘેરા શ્વાસોચ્છ્વાસ. એ આંખો અધબીડેલા દરવાજામાં ઉતારી...

પરસેવે રેબઝેબ બેયના ધબકતાં હ્રદયના લીલી નસોમાં ઘોડાપૂર ધસમસતું હતું. અંકલની કંપકંપાતી છાતીના કાળા અડાબીડ જંગલોમાં મમ્મીની આંગળીઓ લયબદ્ધ રીતે નાચી રહી ને એવામાં પગનો હલકો ધક્કો વાગતા ધાબળો સરી પડ્યો. બેયની સાથળમાંનો પ્રવૃત નાગચૂડ અનાવૃત થયો.

એ નાની આંખોમાં ડંખ ઉતરી લોહીમાં ભળ્યો.

ગઈકાલની એષણાઓની ક્ષણો આજે પલંગમાં ટાઢી પડી. "આ બારી બહાર ગુલાબનો છોડ તેં વાવ્યો છે?"

"ના મારા સ્વર્ગસ્થ પતિએ."

"એ છોડ પરનું તેં બરફમાં થીજેલું ગુલાબ જોયું છે ઉર્વશી? એ હું છું... હું આજેય તને એટલી જ ચાહું છું."

“પણ તેં કદી કહ્યું નહીં કે તું મને મઘમઘતો સાથ દેવા તૈયાર હતો.”

“કાંટા વાવ્યા હતા તે જ નડ્યા મને.”

“મયંક... તારી કાંટાળી આરમાંય મને સુંવાળપની હુંફ મળત.”

પણ... સનનન કરતી વારાફરતી બે બંદુકની ગોળી આવી ને થીજેલો જીવનપ્રવાહ રક્ત બનીને પલંગ પર ઢોળાવા માંડ્યો.

ઉર્વશીના ચિત્કારે મયંકના કાનમાં સુનકાર વ્યાપી ગયો... ઉર્વશી નામનું આલ્બમ અચાનક...

## ૨) અતૃપ્ત - દિવ્યેશ વિ. સોડવડિયા

મારી તરફ આવતા એના પગરવથી હું સચેત થઈ. એનું નામ સાંભળી બીજી જ પળે એને મારી લગોલગો અનુભવતા મારા શ્વાસ સાથે મારી છાતીયે ધડકવા લાગી. હાંફતા ઉરોજ એને સ્પર્શતાની સાથે ફોન પર થયેલી શરતાનુસાર મેં એની આંખો પર પડદારૂપી દુપટ્ટો બાંધી દીધો. એની બરડ દાઢી મારા કોમળ હોઠ સાથે ઘસી એણે મારામાં ઝણઝણાટી રેલાવી દીધી. ધીરેધીરે એના ભીના હોઠ મારા કપાળથી માંડી ઊર્ધ્વ અર્ધશરીરના ભીતરાંગોને તરબતર કરતા રહ્યા. છેક ઊંડાણથી ટીસ ઉપડતા મારો હાથ એના નિર્વસ્ત્ર સુઘડ શરીર પર ફરીને એક સ્થાને અટકી ગયો ને જિંદગીમાં પહેલીવાર મારા અસ્તિત્વને પુરુષાકારનો અંદાજ આવ્યો.

અમારી કાયા એકબીજામાં ઘોળાઈને સંતૃપ્ત થાય એ પહેલાં જ ડોરબેલ રણકી. છેલ્લી કેટલીક મિનિટોને દિમાગમાં ગોઠવી મેં એને બાથરૂમ તરફ જવા ઈશારો કર્યો. એ ત્યાં ગયો અને મેં ડગલા માપી દરવાજો ખોલ્યો.

"આંધળી સાલી, બારણું ખોલવામાં કેટલી વાર લગાડી!" કૂતરાંની જેમ ભસતો દેવ રોજની પેઠે બેડરૂમમાં ઘૂસી ગયો. પરસેવે રેબઝેબ હું ફરી ડગલા ગણતી બાથરૂમમાં ગઈ. ત્યાં કોઈ નહોતું, સિવાય કે એક અતૃપ્ત દેહ**...**

## ૩) હમસફર - જીજ્ઞેશ અધ્યારૂ

’ધ લાસ્ટ માઈલસ્ટોન’માંથી ફોન આવ્યો,"વી આર પ્લીઝડ ટુ...."

બારીના પડદામાંથી ચળાઈને આવતી ચાંદનીના આછા ઉજાસમાં એક મરોડદાર દેહલતા કિંગબેડ પર ઢળી રહી. દરવાજે ઉભેલું શરીર જાણે સુન્ન થઈ ગયું, અચાનક એમાં ઝણઝણાટી ફેલાઈ, ધીમા પગલાં થયા. પેલા શરીરનું એકમાત્ર આવરણ હવાએ સેરવી નાખ્યું.

સુંદરતા સહેજ ખસી. એ કિનારે બેઠો, પાસેના ગોરા લીસ્સા પગની પાની પર સહેજ અચકાઈને આંગળીથી હળવો સ્પર્શ કર્યો. ઘેરા પોલિશ્ડ નખ સાથે પગની આંગળીઓ અને આખુંય શરીર, બધું રણઝણી ઉઠ્યું. સાથ પુરાવવા ઝાંઝરેય સહેજ રણક્યું. એ અચકાયો. ખચકાટ જાણી ગયેલા પેલીના બે હાથે ચહેરો પકડ્યો, ચાર બંધ આંખોની સાખે હોઠ મળ્યા. ઝુલ્ફો વિખેરાઈ. કિનારેથી અગાધ દરિયામાં સર્યો. પર્વતો, નદીઓ, સંવેદનથી અનુભૂતિ, બધા આવેગોમાં એ ડૂબતો-તરતો રહ્યો. કોરો સંતોષ નહીં, પ્રાપ્તિનો ભીનો આનંદ બંને પક્ષે હતો.

વરસાદ પછી સૂર્યોદય થયો... આઘાતની પરંપરા... બે મૃગજળ ભીની આંખે રણને કિનારે મળ્યાં.

"શચી?" આંખોએ પ્રશ્ન પૂછ્યાં.

"એકાદ-બે મહીના, કદાચ... પણ તું?"

પળભરમાં વીસેક વર્ષોનો બંધ તૂટ્યો. કેટકેટલુંય વહ્યું, પૂર ઓસર્યા... પાણીની એક બૂંદે રણમાં એક નાનીશી કુંપળ ફૂટી.

## ૪) સાધના - મીતલ પટેલ

એની નાગણશી લીસી ત્વચા પર પ્રેમથી મારો હાથ ફરી રહ્યો અને એનું રોમરોમ ઝંકૃત થઈ ઊઠ્યું. સાથે મારું પણ!

એના કોમળ ગુલાબી અધરોનો રસ મને આજે પણ પહેલી વાર જેટલો જ મીઠો લાગ્યો. અખંડ તૃપ્તિનો સંતોષ એની નશીલી આંખોમાં નિહાળી હું થોડો વધુ તૃપ્ત થયો. હંમેશાની જેમ...

"શું તું અને તારો પ્રેમ ફક્ત મારા જ થઈને ના રહી શકે?" મારા આજીજીભર્યા શબ્દો સામે એનું ઘંટડીના રણકાર સમું હાસ્ય આવ્યું... મારું વિંધાયેલું હ્રદય ફરી વિંધાઈ ગયું.

"આ કામ મારી સાધના છે. અતૃપ્ત શરીરોને તૃપ્ત કરવાથી વિશેષ પુણ્યનું કામ શું હોય શકે?" એની આંખોમાંથી ડોકાતી નિર્વાણની ઝલક મારા સ્વાર્થીપણાને દઝાડી ગઈ. મારા હોઠ પર એક નટખટ ચુંબન સાથે એણે મને વિદાય કર્યો.

દરવાજો ખોલતાં જ સામે મારા ખાસ મિત્રને જોઈ એ અતિશય પ્રેમથી એને આવકારીને અંદર લઈ ગઈ.

તિરસ્કારભરી મારી નજરોએ એનું શરીર ચુંથવા જઈ રહેલા મિત્રની આંખોમાં સમાન ભાવ નિહાળ્યા. જે મારા હૃદય અને આત્માને ચૂંથી ગયા. એના પણ.... અને દરવાન ભીખાના કાયમના એ રહસ્યમય હાસ્યનો ભેદ આજે ઉકેલાઈ ગયો.

## ૫) મોરપીંછ - રાજુલ ભાનુશાલી

એને ઘણી વખત થતું કે રખેને ભૂલમાંય અડકી જવાશે તો એનીય ચામડીનો રંગ ક્યાંક ભાભી જેવો ઇસ્ટમેન ન થઈ જાય. ક્યારેક સવારના ભાભી રોટલી કરતાં હોય ત્યારે પાછળથી બિલ્લીપગે આવીને એમનાં નિતંબ સાથે અડપલાં કરતા ભાઈને જોઈને એને ઉબકાં આવી જતાં.

અલબત્ત રાત્રે પાર્ટીશન પાછળથી ધમણની જેમ ચાલતા શ્વાસોચ્છ્શ્વાસના અવાજની એ રાહ જોતો. એ અવાજ શરુ થતાંની સાથે જ એના સત્તર વર્ષીય કુમળા અંગમાં ઠસોઠસ લોહી ભરાઈ જતું અને એની જાણ બહાર હાથ પ્રવૃત્ત થઈ જતો. ઉંહકારા, સિસકારાના વધતા અવાજની સાથે ગતિ પકડતા જતા હાથની ક્રિયા, લોખંડના પલંગનો કીચૂડાટ શમ્યા પછી જ થંભતી. એ આજ સુધી સમજી નહોતો શક્યો કે આ એને શું થતું? શું થઈ રહ્યું છે?

આજે એની ઉત્સુકતાએ માજા મૂકી. એણે સ્ટૂલ લીધું. 'ના, ના... આ તુ થીક નથી કરી રહ્યો!' એના મને ટપાર્યો. પણ મનનું કંઈ જ ચાલ્યું નહીં અને બીજી જ પળે એ સ્ટુલ પર હતો.

દુધિયા અંધકારમાં પલંગ પર બિછાવેલી ધોળા બાસ્તા જેવી ચાદર પર ભાભીનો દેહ પડ્યો હતો. ઉપર જળુંબી હતો ભાઈ અને એના હાથમાં હતું મોરનું એક પીંછું! મોરપીંછનો એ પ્રવાસ જોઈને પોતે દંગ રહી ગયો. ખરબચડા ગાલ અને ગળા પરથી સરકીને એણે જયારે છાતી પર ગોઠવાયેલી બે ઘાટીલી ટેકરીઓ પર લસરકા કર્યા ત્યારે ભાભીના મુખેથી પ્રથમ સિસકારો નીકળ્યો. નાભિ, પીઠ, કમર, નિતંબ... સિસકારા વધતાં ગયા. દિવસના ઉજાસમાં જે નિતંબ જોઈને ઉબકાં આવતાં, અત્યારે એ જોઈને થયું કે ત્યાં પોતાની દાઢી ઘસી હોય તો? આવતાની સાથે જ ડોકી જટકીને એણે વિચારને ફગાવી દીધો. બીજી જ પળે ઘાટીલી ટેકરીઓ પર ફરતા મોરપીંછની જગ્યાએ એણે પોતાના હોઠ કલ્પી જોયા અને શરમાઈને આંખો મીંચી દીધી.

થોડીક ક્ષણો પસાર થઈ ગઈ. એણે આંખો ખોલી. હવે ન તો ભાભીનો દેહ દેખાઈ રહ્યો હતો કે ન તો મોરપીંછ! ફક્ત ધોળી બાસ્તા જેવી ચાદર અને એની પર ઊંધે મોં એ પડેલો ભાઈ હતો. સાથે હતાં ઉંહકારા અને કીચૂડાટ!

અંગમાં લોહી ભરાવાની શરૂઆત થઈ ગઈ હતી! એણે વહેલી તકે પેલા મોરપીંછને ચોરી લેવાનો નિર્ણય કર્યો.

## ૬) જરૂરિયાત - નિમિષ વોરા

પગરવ સંભળાતા જ શીખાના પગના અંગૂઠા સંકોરાયા, અને બીજી જ ક્ષણે એ અંગૂઠા પર હૂંફાળો સ્પર્શ થયો. નવોઢા જેમ શણગારી આવવું એ ડિમાન્ડ હતી... પણ નવોઢા જેવો જ પોતાના મનનો ભાવ તેની પણ સમજ બહાર હતું.

પીંછાની અદાથી ફરી રહેલો હાથ, દરેક આભૂષણો ઉતારતા પહેલા થતું હળવું ચુંબન અને તેની સાથે મહેસુસ થતો હૂંફાળો ઉચ્છ્વાસ શીખાના મનને અવઢવમાંથી બહાર કાઢવા પૂરતો હતો. પાયલ, હીરાજડિત હાર, બંગડીઓ, કમરબંધ.... બધાય અંગો, આભૂષણોનો આભાર માની રહ્યા હતા. કમર પરથી સરકી હોંઠ ઉર્ધ્વગતી કરી રહ્યા અને કાનની વાળી પાસે પહોંચતા જ શીખાના મનની શરમ પર શરીરની તરસ હાવી થઈ ગઈ....

તસતસતા દીર્ઘ ચુંબન સાથે જ બંનેના આવરણ એક પછી એક અલગ થઈ રહ્યા.... અમુક અંગો, અમુક ચેતનાઓ જાણે આજે જ સજીવન થઈ હતી. બંન્નેની જરૂરિયાતો સંતોષાઈ રહી હતી.... સાથે હોટેલ બહાર રાહ જોઈ રહેલા શીખાના પતિની પણ....

## ૭) ટેક - ભારતીબેન ગોહિલ

સત્યેન....તમને અવારનવાર ચાંદનીમાં લટાર મારતા જોઉં છું. લોકો પ્રકાશના પૂજારી હોય છે તમે તો અંધારાના ભક્ત! રાત થાય ને તમારા માટે સૂરજ ઊગે!

એમાંયે પાણીમાં પડતાં ચંદ્રકિરણો જોતાં કલાકો સુધી બેઠા રહો. પત્નીના નાતે ઈર્ષાભાવ જાગે. પણ મને યાદ છે તમે કહેલું,"દિવ્યા! જળના વિવિધ પડછાયામાં મને માત્ર તું જ દેખાય છે. ક્યારેક લાંબા હાથ કરી મને આગોશમાં લેવા ઈચ્છતી, ક્યારેક હળવેથી આવીને ખુલ્લી પીઠ પર ચુંબન કરતી.... ક્યારેક નશીલી આંખો દ્વારા મિલનનું ખુલ્લું આમંત્રણ આપતી.... તો ક્યારેક મારી છાતી પરના કાળા ભમ્મર વાળમાં નાજુક આંગળીઓ ફેરવતી!"

આટલા વર્ષો સંસાર ભોગવ્યા પછી સવા વરસનો સન્યાસ બહુ તકલીફ આપે છે ને? પણ......

સત્યેન...ખરું કહું? મને ઈચ્છાઓ જ્યારે નાગની જેમ વીંટળાઈ વળે છે ત્યારે ધબ્બ કરતી તમારા પ્રિય જળમાં મારી જાતને નાખી દઉં....બસ પછી તન-મન શીતળ...શીતળ!

ઓહ! હવે થોડો જ સમય. મને શ્રદ્ધા છે....આપણે બચાવેલી શરીરસંબંધની તાકાત ઈશ્વર આપણા સુકેતુમાં જરૂર ભરી દેશે!

સાંભળો છો? આજે સુકેતુ મેડિકલ ટેસ્ટ દેવા જઈ રહ્યો છે. સારા રીપોર્ટ માટે શુભકામના પાઠવીશું ને?

## ૮) સમુદ્રતટે - વિભાવન મહેતા

સમુદ્રતટ પૂરો થતાં પથરાયેલા તોતીંગ કાળમીંઢ પથ્થરોની વચ્ચે બનેલી બખોલમાં મધુ ચત્તીપાટ પડી હતી.

ડાબા હાથની કોણીને ટેકે મધુની અડોઅડ આડો પડેલો મકરંદ, જમણા હાથથી મધુના ચહેરાને ઢાંકતા તેના લાંબા વાળ સ્હેજ આઘા કરી વસ્ત્રવિહોણા અને સમુદ્રસ્નાનથી ભીના થયેલા કમનીય દેહનું લાલિત્ય ભરપેટ પી રહ્યો હતો. ક્યાંક ક્યાંક ચોંટેલી રેતી મધુની માર્દવતા વધારી રહી હતી.

કામેચ્છાની મહત્તમ ઉંચાઈ આંબી ગયેલા મકરંદે જમણા હાથની તર્જની મધુના કપાળ પર મુકી. ત્યાંથી નાકની ટોચ પર થઈ, બે થરથરતા અધરકુસુમની વચ્ચે ફેરવી ધીરેથી હડપચીને ખૂણેથી ગળા પર ઉતારી. બે ધકધક ધબકતાં ઉન્નત સ્તનયુગ્મની વચ્ચેની પ્રાકૃતિક ખીણમાંથી પસાર કરી મધુની નાભિમાં ઉતારી.

મકરંદે મધુના કમરપ્રદેશ, નિતંબ અને સાથળ પર હથેળી ફેરવી. હજુ એ જમણા હાથ અને જમણા પગથી મધુને કચકચાવીને સંપૂર્ણ આલિંગનમાં ભીંસવા જાય ત્યાંજ....

મકરંદ હાંફળોફાંફળો જાગ્યો. તેનું મોં ઓશીકાના પીંખાયેલા રુથી ઢંકાઈ ગયું હતું.

બા નીચેથી બુમ પાડતી હતી,"મકરંદ, જલ્દી નીચે આવ... મધુકાકી તને મળવા આવ્યા છે."

## ૯) શો ગર્લ - સુષમા શેઠ

તેને એકીટશે જોતો રહ્યો. લાંબી, પાતળી કમર હલાવતી તે મનમોહક હાસ્ય ફેંકતી નૃત્ય કરી રહી હતી. પેરિસના લિડો શોમાં પહેલી હરોળમાં બેસી, માદક પીણાંની ચુસ્કીઓ સાથે તેના કોમળ અંગઉપાંગનો નશો આંખોથી પીવાતો હતો.

બીજી કેટલીયે શો-ગર્લસ હતી, પણ તેની વાત અલગ જ હતી. કપાળપર લહેરાતાં રેશમી, સોનેરી વાળ, તેના ખુલ્લાં, ઉન્નત ઉરોજને હળવેથી સ્પર્શી, વિખરાઈ જતા હતાં. તેના પાતળા, ગોરા પગ, થરકતાં નિતંબ સાથે સંગીતના તાલે, લયબદ્ધ નાચતા હતાં. મંત્રમુગ્ધ કરતી તેની અદાઓમાં હું એવો ખોવાયો કે મારું મોઢું ઉઘાડું રહી ગયું તેનુંય ભાન ન રહ્યું.

રાત્રે બંધ નયનોમાં તે આવી વસી. રસભર્યા પાતળા ઓષ્ટ ચૂમતાં, એકબીજાને પામવાનો તલસાટ ઓર વધ્યો. તે મારા આલિંગનમાં સમાઈ ગઈ.

બીજી રાત્રે તેને મનભર નીરખવા હું ફરી શો જોવા ગયો. ઓળખી જતી તેની આંખો પણ મને જ જોયા કરતી હતી. આમંત્રણ આપતી, મીઠું હસતી આંખોમાં પ્રેમ ડોકાયો. શો પત્યા બાદ મેં તેને મારી સાથે આવવા કહ્યું.

તુરંત તેનો સાથી-મિત્ર તેને હડસેલતો, અમારી વચ્ચે દુભાષીઓ બની કહેવા માંડ્યો,"બીજીને લઈ જાવ, આ મારી પત્ની છે."

મેં તેની ભીની આંખોમાં તરસ જોઈ. વિદેશી બોલાચાલી પીઠે અથડાઈ. પાછા વળી, હાથમાં પકડેલા રુપિયા ગજવામાં મૂકી મેં તેનો હાથ પકડી લીધો.

## ૧૦) પહેલા નશા - સુષમા શેઠ

લાઈબ્રેરીમાં તે ક્યારે સામે ગોઠવાયો, એ નીચી ડોકી કરી વાંચતી મીરાને લક્ષ ન રહ્યું. મીની સ્કર્ટ પહેરેલ ગોરા, લીસ્સા પગની પાનીને, પગનો અંગૂઠા◌ં અડક્યો. તેણે ચમકીને સામે જોયું.

ધીમે ધીમે એ સ્પર્શ ગોઠણ વાટે ઉપર ચઢીને સાથળ સુધી પહોંચ્યો. આજુબાજુ કોઈ જોઈ નથી રહ્યું ને? મીરાએ ત્રાંસી નજરે જોઈ લીધું. તેના હોઠ મલકયાં. પહેલો વિજાતીય સ્પર્શ રોમેરોમમાં ન સમજાય તેવી ઝણઝણાટી ફેલાવી ગયો. મનગમતા પાત્રનું અડપલું મનને ભાવ્યું. તેની શરમથી ઝુકેલી નજરોને ખાત્રી હતી જ કે વ્હાલમની એકીટશે નિહાળતી નજર કંઈક કહી રહી છે.

ચોપડી બંધ કરી મીરા, બાજુના વર્ગમાં ગઈ. તે પાછળ દોરાયો. ખાલી વર્ગની બેન્ચો સૂની હતી. તે દરવાજો બંધ કરી ઝડપથી પાસે આવ્યો. ઈશારો ન સમજે તેવી મીરા બુદ્ધુ નહોતી. તલસાટ બન્ને તરફ હતો. કોલેજના વર્ગની છેલ્લી બેન્ચે, બે શરીર એક થવાની સાક્ષી પૂરી. મસ્તીમાં તે ડોલી.

પહેલા અનુભવના નશાની લત લાગી. બંને અવારનવાર મોજ માણતા રહ્યા. પરણી ગયા પછી પણ, સાથીદારોને અજાણ રાખીને.

મીરા કહેતી,"રોજ ઘરના સાદા ભોજનથી કંટાળો આવે. કો'ક દિ' ટેસડો થઈ જાય."

"તારી વાત સાચી મીરા." તેનો વર મૂછમાં હસતો.

# શૃંગારરસની સર્જનયાત્રા - ભારતીબેન ગોહિલ

ઉનાળાના આકરા તાપને હડસેલી ચોમાસુ જાણે 'મે આઈ કમ ઈન?' કરતું સૃષ્ટિનાં બારણે ટકોરા મારી રહ્યું હતું. ચોમાસામાં વર્ષા અને વર્ષાનાં આગમન પછીનો કુદરતનો અદભુત નજારો સૌ કોઈને તરબોળ કરી દે છે. બરાબર એવા જ સમયે તેરથી અઢાર જૂનના સમય ગાળામાં 'શૃંગારરસ' આધારિત માઈક્રોફિક્શન વાર્તા લખવાનું ટાસ્ક મળ્યું.

મેં તો લાંબા સમય સુધી ખાસ કરીને બાલવાર્તાઓનું સર્જન કર્યું છે અને સર્જનગૃપમાં જોડાયા પછીનો શૃંગારરસ પર લખવાનો ટાસ્ક પ્રથમવાર જ મળેલો! ઘડીભરતો સ્થિર થઈ જવાયું. 'કેમ લખાશે?' 'કેવું લખાશે?' એતો પછીનો પ્રશ્ન હતો. મુખ્ય વાત તો 'લખાશે કે કેમ?' એ જ વિચારવાનું હતું.

સર્જનની એક પરંપરા રહી છે. થીમ હોય, પ્રોમ્પ્ટ હોય, વીડિયો આધારિત હોય કે પછી ચિત્ર આધારિત વાર્તા લખવાની હોય. ટાસ્ક આપ્યા પછી એની સુંદર અસરકારક પૂર્વભૂમિકા જીજ્ઞેશભાઈ અધ્યારુ બાંધી આપે. એ મુજબ અહીં પણ પૂર્વભૂમિકા દ્વારા શૃંગાર અંગેની વિસ્તૃત માહિતી આપવામાં આવી. તેનાથી વાર્તાલેખન માટેનું વાતાવરણ બંધાયું,

મારે તો આ રસ પર લખવાનો પ્રથમ પ્રયાસ કરવાનો હતો તેથી 'થોભો અને રાહ જુઓ'ની નીતિ અપનાવી. વાર્તાઓ મૂકાઈ તે વાંચી...તેના અભિપ્રાયો અન્ય સર્જકોએ આપ્યા તે વાંચ્યા પછી 'અંશ'નામની વાર્તા લખી. સ્વાભાવિક જ તેમાં શૃંગારવર્ણન ઓછું હતું તેવા અભિપ્રાય મળ્યા. છતાં પણ આ દિશામાં આગળ વધવાનો માર્ગ તૈયાર થઈ ગયો હતો એ મારા માટે બહુ મોટી ઉપલબ્ધિ ગણી શકું!

શૃંગારિકવાર્તાઓ રજૂ થતી ગઈ. પ્રેમ, સંયોગ, વિયોગ, શણગાર, વિલાસ, છળ-કપટ, તૃપ્તિ-અતૃપ્તિ...અરે શૃંગારની પરાકાષ્ટા સમાન સમાધિભાવ...કેટકેટલા વિષયો આવતા ગયા અને શૃંગારરસની સુગંધ પ્રસરાવતા ગયા.

એક સકારાત્મક માહોલ ઊભો થયા પછી મારું કામ સરળ બન્યું હોય એવું લાગ્યું. ત્યાર પછી 'ટેક' અને ગ્રામ્યપરિવેષ પર આધારિત 'દમલી' ઠીકઠીક પ્રમાણમાં સંતોષ મળે તેવી લખાઈ–મિત્રો દ્વારા વખાણાઈ પણ ખરી!

બાકી રહ્યો તે વાંચનનો અનુભવ. 'શૃંગારરસ'પર આધરિત સર્જકમિત્રોની વાર્તાઓ વાંચવાની પણ બહુ મજાપડી. શરૂઆતમાં જ જીજ્ઞેશભાઈએ ટકોર કરેલી કે 'શૃંગાર અને બિભત્સરસ વચ્ચે બહુ પાતળી ભેદરેખા છે.' આનંદ અને ગૌરવસહ એ વાતની મેં નોંધ લીધી કે સૌ મિત્રોએ પોતાના શબ્દોને, પોતાના વિચારોને અને પોતાની

અભિવ્યક્તિને 'શૃંગાર'માં ઢાળી હોવા છતાં ક્યાંય પણ રુચિભંગ થાય તેવા શબ્દો કે વર્ણનો રજૂ કર્યા નથી. તમામ સર્જકભાઈ-બહેનોએ વાર્તાઓને બક્ષેલી ગરિમાને સલામ!

વાર્તાઓની વાચનયાત્રામાં કેટલાંક સ્પર્શી ગયેલાં વાક્યો શેર કરવાં ગમશે. વાત શૃંગારની છતાં સરલાબેનનું વાક્ય "નયનને બંધ રાખીને મને જોશો તો વધુ આનંદ મળશે." સુષમાજીનું "મનગમતાં પાત્રનું અડપલું મનને ભાવ્યું." માનવસહજ શારીરિક સ્થિતિ દર્શાવતું નિવાજીનું વાક્ય, "પલાશના હોઠ એણે પોતાના સહેજવાંકા લકવાગ્રસ્ત હોઠમાં સમાવી લીધા." રાજુલબેનનું, "એ બોલકી આંખોમાં આખો દરિયો હિલ્લોળા લેતો દેખાયો, તરસનો દરિયો!" તો એક ચેતવણીરૂપ વાક્ય "Welcome to the world of Aids" ઝીલ ગઢવીની કલમે લખાયું. આવાં તો અનેક વાક્યો મનને સ્પર્શી ગયાં.

એક સુંદર, યાદગાર અનુભવ માટે સર્જન....સર્જકભાઈઓ-બહેનો તથામાર્ગદર્શકશ્રીઓ; જીજ્ઞેશભાઈ, નીલમબેન, રાજુલબેન સહિત સૌને ધન્યવાદ!

હેમશીલા શાહની એક પંક્તિ સાથે મારી વાતને વિરામ આપીશ.

પ્રણયની વાત ક્યાં કદી વાસી હોય છે;

એ મહેકતી તરોતાજા બારમાસી હોય છે.

- ***ભારતીબેન ગોહિલ***

# ડૉ. રાજેશ વણકરની કલમે શૃંગારરસ

## પરિચય

- *જન્મ અને ઉછેર - પંચમહાલ જિલ્લાના બાહી ખાતે*
- *અભ્યાસ - એમ.એ. / એમ.ફિલ / પીએચડી*
- *પુરસ્કાર - 'રાજ્ય યુવા પુરસ્કાર ૨૦૦૨' તથા સાહિત્ય અકાદમી, ન્યુ દિલ્હી દ્વારા 'રાષ્ટ્રીય યુવા પુરસ્કાર વિજેતા ૨૦૧૫' , ટૂંકી વાર્તામાં પરિવેશ પુસ્તકને સાહિત્ય અકાદમીનો શ્રેષ્ઠ સંશોધન પુરસ્કાર (પ્રથમ ઈનામ)*
- *પ્રકાશિત પુસ્તકો - માળો (વાર્તાસંગ્રહ) , તરભેટો (કાવ્યસંગ્રહ) , પીડપ્રત્યાયન (વિવેચન) , દલિતચેતનાની ટૂંકીવાર્તાઓ (સંશોધન) , વિચરતી વિમુક્ત જાતિની વાર્તાઓ (સંશોધન) , કલાપીના કાવ્યોના આસ્વાદ (સંપાદન) , પન્નાલાલ પટેલની વીણેલી નવલકથાઓનો આસ્વાદ (સંપાદન), ગુજરાતી ટૂંકીવાર્તામાં પરિવેશની કાર્યસાધકતા (સંપાદન) , ચિનુ મોદી ગ્રંથકાર અભ્યાસ (સંપાદન- સંશોધન) , રમેશ પારેખના "કંપા"ના કાવ્યોનો આસ્વાદ (સંપાદન) , નવી પેઢી નવા મોલ (કાવ્ય સંપાદન)*

## ૧ . આપના મતે શૃંગારરસ કેવો અને કેટલો હોવો જોઈએ ?

ભારતમાં પ્રાચીન કાળથી શરીરને દેવ, પૂજ્ય, પવિત્ર માનવામાં આવે છે. અવતરતા બાળક સાથે પૂજાનો સંબંધ છે, તો મૃત્યુ પછી શબને પવિત્ર માનવામાં આવે છે. શરીર કેન્દ્રમાં છે. મૂળમાં આપણે જેને ધર્મ કહીએ છીએ એ પંથ છે. અલગ અલગ રસ્તા છે. એ રસ્તાઓ મળીને એક ધર્મ બને છે. જેની સાથે સીધો સંબંધ જ શરીરના ધર્મો સાથે જોડાયેલો છે. શરીરના ધર્મો એટલે ખાવું, પીવું, ઊંઘવું, ચાલવું, દૈનિક ક્રિયાઓ કરવી, રતિ કરવો એ તમામ. સિતાંશુ યશચંદ્રની પંક્તિઓ અહીં યાદ કરું તો

હરે ફરે ચરે રતિ કરે

એટલે કે રતિક્રિડા એ જીવનનો અંશ છે, ભાગ છે. એને નાકના ટેરવે ચડાવી દેનારા અવાસ્તવિક છે. સહજતાનો સ્વીકાર કરતાં નથી એટલે જ ઘણાં પ્રશ્નો ઉભા થાય છે. આપણાં પૌરાણિક મંદિરોમાં શિલ્પોમાં રતિક્રિડાના દ્રશ્યો છે. મનોવિજ્ઞાન તો એટલે સુધી કહે છે કે આપણી પેન ગોળ છે. પૃથ્વી ગોળ છે. આ બંધારણનાં પ્રતિકો છે. ચંદ્રકાંત બક્ષીએ એમ કહ્યું છે કે જ્યાં વળાંક આવે છે ત્યાં આપણને મજા પડે છે. એટલે પુરુષને સ્ત્રીનાં સ્તનો પ્રત્યે એક આકર્ષણ છે. સ્ત્રીને પુરુષનાં ઘાટ પ્રત્યે આકર્ષણ છે. આ બધું રસની દ્રષ્ટિએ જોઈએતો આપણી અંદર પડેલું છે. શૃંગારનો સ્થાયીભાવ 'રતિ' આપણી અંદર પડેલું છે. એને ઉદ્વીપકો મળતાં એ જાગૃત થાય છે. પણ આ બધું જ્યારે સાહિત્યકુળમાં આવે છે, કલાકૃતિમાં આવે છે ત્યારે બુદ્ધે કહ્યું છે તેમ સમ્યક રીતે આવે તો જ કલામાં ખપે નહિતર એ ફેશન બની જાય. ફેશન તો ક્ષણિક હોય છે. એટલે કે વાર્તાનાં મૂળભાવને પ્રગટ કરવા માટે આપણે શૃંગારિક શબ્દ યોજના કરીએ ત્યારે એ કલાકૃતિ સર્જવામાં સહાયક બની શકે.

## ૨. તો શું 'સ્ત્રી એટલે જ શૃંગાર' એમ કહી શકાય?

કુદરતે નારી પાસે અપાર ક્ષમતાઓ મૂકી દીધી છે. પુરુષને મ્હાત કરવામાં, જીતવામાં, હરાવવામાં, જીતાડવામાં, રંજાડવામાં, રખડાવવામાં તમામ સ્તરે નારીનો હાથ છે. એવું કહેવાયું છે કે, 'સફળ પુરુષની પાછળ કોઈ સ્ત્રીનો હાથ હોય છે.' તો 'નિષ્ફળ પુરુષની પાછળ પણ સ્ત્રીનો હાથ હોવાનો.' આવું હું ઉમેરું છું. ઓશોના મતે નારી આકર્ષણનું કેન્દ્ર છે કારણ કે નારીમાંથી નર નિપજ્યો છે. વળી જે સ્તનો પુરુષને તરત આકર્ષે છે એ સ્તનો સાથે જન્મ્યા પછી તરત પનારો પડ્યો છે. વરસો લગી સ્તનપાન કર્યાનો જે અહેસાસ છે એ નારીના સ્તનો જોતાં જાગૃત થઈ ઉઠે છે. ભરત રસસૂત્રમાં જે વાત કરે છે એ જ આ છે. આપણી અંદર પડેલો ભાવ કોઈ ઉદ્દીપન મળતાં તરત જાગૃત થઈ જાય ત્યારે એ રસમાં પરિણમે છે.

બીજી બાજુ ચંદ્રકાંત બક્ષીએ સ્ત્રી વિષે પુસ્તકમાં ચોકાવનારું નિવેદન કર્યું છે અને એ એ જ કે – 'સોહામણા મનગમતા પુરુષને જોઈને સ્ત્રીની યોની ભીની થવા માંડે છે.' શું પુરુષ પણ રતિભાવ જાગૃત કરવાનું એક ઉદ્દીપક નથી બનતો? જો એમ ન હોત તો સ્ત્રીને રતિભાવ ઉત્પન્ન થતો જ ન હોત. 'બુદ્ધચરિતમ્'માં બુદ્ધનો નગરવિહાર વાંચો તો સમજાય કે બુદ્ધ - સિદ્ધાર્થ જ્યારે નગરવિહાર કરે છે ત્યારે એ એટલા સોહામણા, રૂપવાન હતા કે એને જોવા નગરની સ્ત્રીઓ મેડા પર, માળ પર, બારીઓમાં, ઝરુખામાં, રસ્તા પર, ચોરે-ચૌટે દરેક ઠેકાણે શ્વાસ રોકીને ઉભી હતી. સર્જક તો કહે છે કે એ ઉત્તેજિત હતી. આ શું છે? આપણા પુરાણોમાં આવા અનેક ઉદાહરણો મળે છે. આપણા નલ, રામ, કૃષ્ણ, અર્જુન જેવાં પાત્રોનાં વર્ણનો તમે સાંભળો, વાંચો તો પુરુષ તરફી રતિભાવનાં ઉત્તમ ઉદાહરણો મળી શકે. આમ રતિભાવનું ઉદ્દીપક એકતરફી નથી જ નથી, એ બંને તરફી છે.

## ૩. સ્ત્રી અને પુરુષ વચ્ચેની રતિક્રિડામાં રહેલા શૃંગાર વિશે જણાવશો?

મેં અગાઉ કહ્યું એ રતિક્રિડાએ માનવજીવવનો એક ભાગ છે. સ્ત્રી હોય, પુરુષ હોય, ગે હોય કે લેસ્બીયન હોય દરેકના માટે જીવનમાં ચાલતી એક ક્રિયા છે અને એ થવાની. એને રોકનાર માટે વિકૃતિરૂપે બહાર આવશે પણ આ સહજ રીતે સ્વીકારનાર ને એનો વિવેકપૂર્વક વિનિયોગ કરનારને માટે એ જીવનના ઉત્તમ આનંદનું માધ્યમ બની રહેશે. સાહિત્યમાં પણ એનું નિરૂપણ જ્યારે પ્રતિકાત્મક સ્તરે, વ્યંજનાના સ્તરે કે ફ્લેશબેક, સ્વપ્ન જેવી પ્રયુક્તિઓના સ્તરે થાય છે ત્યારે ઉત્તમ પ્રકારની કૃતિઓનું સર્જન શક્ય બને છે. આ માટે મણિલાલ હ. પટેલની 'પડતર' જેવી વાર્તાઓ વાંચવાથી વધુ ખ્યાલ આવશે. આપણે ત્યાં સંભોગ શૃંગારનું ઉદાહરણ કાલિદાસની કૃતિઓમાં વધુ મળી શકે. કુમારસંભવ વાંચીને કાલિદાસને શ્રાપ મળ્યાની દંતકથા પણ આપણે ત્યાં પ્રચલિત છે. આ બધું વાંચવું જોઈએ.

## ૪. વિયોગ શૃંગારરસ વિશે કશું જણાવશો?

વિયોગ માટે આપણે ત્યાં 'બિલ્વમંગળ' જેવી ઉત્તમ કૃતિ રચાયેલ છે. આ સિવાય પણ 'મેઘદૂત' એક મહાકાવ્ય તરીકે જગતભરમાં પ્રસિદ્ધ છે. યાદ પરનાં અનેક કાવ્યો, અનેક મુક્તકો ખૂબ રચાયાં છે. 'અશ્રુવિરહની રાતના...' કોઈપણ સાહિત્યપ્રેમીને મોંઢે હશે. 'છિન્નપત્ર' જેવી સુરેશ જોશીની આધુનિક નવલકથા પણ માલાનો વિયોગ છે, ઝુરાપો છે. અંતે તેની સાથેનો સંભોગ પણ વિયોગક યાદ સાથે જોડાયેલ છે. મારી વાર્તા 'જીવડું' આખી સ્વપ્નદોષ પર છે. આ વિષયની આ વિશ્વની પહેલી વાર્તા છે એવું જયેન્દ્ર શેખડીવાળાએ મોરારી બાપુને ત્યાં એક વક્તવ્યમાં કહ્યું હતું.

## ૫ .'શૃંગાર એટલે સહવાસની પરાકાષ્ઠા' આ ઉક્તિ વિશે તમારો શું મત છે?

સાહિત્યમાં કે કોઈપણ કલાકૃતિમાં શેનું વર્ણન કરો છો એ મહત્વનું નથી પરંતુ કઈ રીતે વર્ણન કરો છો એ જ મહત્વનું છે. એક ઉદાહરણ જુઓ-

"પડતર ભોંયને જરાક હાચવીને ઉખાડવી પડે. તુ ઉફરા પારેથી શેડય મેલજે- બે ત્રણ શેડય થતાંમાં તો તું જોજેને ભોંય એવી હુંવાળી થઈ જાય તે."

મણિલાલ હ. પટેલની પડતર વાર્તામાં સહજ રીતે થયેલા સસરા-વહુ વચ્ચેના સંભોગ પછી લખાયેલા આ શબ્દો છે. આવી ભાષા વડે જ આ વાર્તા ઉત્તમ બની છે. મને લાગે છે કે નિરૂપણ ભાષા વિશેની આ વાત સમજાવવા આટલું ઉદાહરણ બસ છે.

## ૬. શૃંગાર રસ અને બિભત્સ રસ વચ્ચેની ભેદરેખા વિશે જણાવશો.

શૃંગાર અને બિભત્સ સાવ જુદા છે. બંને વચ્ચે આખો ભેદ છે. પણ ભાષાની તાકાત એટલી બધી છે કે આ બંને વચ્ચેની ભેદરેખા મિટાવી શકાય છે. જુઓ રમેશ પારેખની 'ચૂડ' વાર્તામાં આવતાં આ ઉદાહરણો- (રમેશ પારેખને વાર્તાકાર તરીકે કેટલા ઓળખે?)

- રાણીના મોં પાસે ખાદ્યપદાર્થની જેમ પીરસાયેલું, રાણીના નહોરિયાંથી ઉઝરડાનું, પરસેવે રેબઝેબ, હાંફતું, ઉછળતું, પછડાતું, ઉછળચૂડમાં મારું શરીર, રાણી મારા પેડૂ પાસે નખશિખ પિરસાયેલી, ચપોચપ, ચીંખોટતી, માસ્તર માસ્તર.. તું મરદ છો... ઊંહ...

- બાયલો અડધી રાતે મારા પગ ફાડીને બખોલમાં દીવાસળી પેટાવતો, મારી મૂતરવાની જગાને જોતો, આખું બાકસ ખાલી કરી દેતો ભડવો... હું પડી પડી આમ જ પછાડા ખાતી ને એકલી એકલી ઝુરી જતી.

- ડૂસકાં વચ્ચે સળગતાં અવાજે રાણી- રોજ આમ એક બાકસ બગાડતો ભડવો... કહીને ખેંગારના શબ પર થૂંકેલી.

આમ જ ભાષા પ્રયુક્તિ વડે આ બંને ભાવ જગતને મિશ્ર કરી શકાય છે. અને કહેવાય નિરૂપણરીતી.

## ૭. આવતીકાલના વાર્તાકારો માટે તમારો વિશેષ સંદેશ આપશો?

આવતીકાલના અને આજના બધા વાર્તાકારો માટે સંદેશ તો એ જ કે ખૂબ વાંચવું. સાવ નબળા અને સાવ નિવડેલા, બધા પ્રકારના વાર્તાકારોને વાંચવા, ખૂબ જ વાંચવા. 'બિટવિન્સ ધ લાઈન' વાંચવા.

વાર્તાકારની ભૂગોળ, સાંસ્કૃતિક ચેતના તપાસવી. એમાંથી વાર્તાનું બીજ કેવી રીતે ઉદભવ્યું એ સમજવું. પછી 'વાર્તા લખાઈ ગઈ, વંચાઈ ગઈ, મજા પડી ગઈ' એવી રીતે નહીં. પણ વાર્તા કેવી રીતે લખાઈ છે એ વાંચવું.

વાર્તા ક્યારેય ન વાંચવી. વાર્તાનું નિરૂપણ વાંચવું તો જ સર્જક બની શકાય. ઇલેક્ટ્રિશિયન વિજળીનાં પ્રકાશને નહીં જુએ એ લાઈન ક્યાંથી આવી છે એ જોશે. કેટલા વોલ્ટેજની છે એ જોશે. એટલે શબ્દના પ્રેમીઓએ શબ્દને નહીં પણ એ શબ્દ ત્યાં જ કેમ છે? કઈ રીતે ત્યાં મૂકાયો છે એ જોવાનું રહે છે.

સાહિત્ય અકાદમી દિલ્હીમાં રાષ્ટ્રીય યુવા પુરસ્કાર ગ્રહણ કરતા મેં આ વાત કરી હતી કે પ્રત્યેક વ્યક્તિમાં, પ્રત્યેક સમાજમાં, ક્ષણમાં, સમયમાં, પ્રસંગમાં એક કૃતિ છે એને પકડવી પડે છે. પોતાની સર્જકચેતનામાં બરાબર ઘોળવી પડે. અનુભુતીના સ્તર પરથી એને શબ્દમાં યોગ્ય રીતે (રીત એટલે રચનારીતિ) ઉતારવી પડે તો જ સાચી કૃતિ નિપજી શકે. પન્નાલાલ પટેલની 'પીઠીનું પડીકું' વાર્તા જુઓ. એમને અંગ્રેજોએ દ્વારા ખેડૂતો પર નખાયેલા ટેક્સ જેવા નિયમ વિશે વાત કરવી છે પણ એ કહેવા પ્રેમકથાનો આધાર લીધો. પ્રેમકથાનો આરંભ પણ કોર્ટથી કર્યો. વાતની શરૂઆત આ રીતે કરી --------

'આ ચોમાસું નહીં પેલું નહીં એનાય પહેલાના ચોમાસાની વાત છે સાહેબ...'

જુઓ, જે કહેવું છે એ નહીં પણ જેના વડે કહેવું છે એ ભાષા પાસેથી કામ લીધું છે. માધ્યમને બરાબર પલોટશો તો સાચો મોલ આપોઆપ લહેરાઈ ઉઠશે.

**અસ્તુ**

## ૧૧) સમાધિ - લીના વછરાજાની

અવાવરુ તપોભૂમિમાં ઝાંઝરના ઝણકાર, કોયલના ટહુકા સમ મધૂરાં ગાન અને અંગેઅંગમાં અનંગજ્યોત જેવી ચિત્રાંગદાની મારકણી અંગભંગિમાવાળી નૃત્યશૈલી પરત્વે ઋષિ તેજમય ઝાઝો સમય બેધ્યાન ન રહી શક્યા અને...

"ઓહ દેવી, તમારું નૈનતરકટ મને સૂવા નથી દેતું..." ચિત્રાંગદાની કમળની દાંડલી સમી ભુજાઓમાં સમાયેલા તેજમય તપનો રસ્તો ભુલ્યા.

"દેવ, ઋષિ તેજમયનું તપ દિવસે દિવસે પ્રખર બનતું જાય છે. તમારું આસન છીનવાઈ જાય એ પહેલાં ઇંદ્રલોકની સર્વાધિક સુંદર અપ્સરા ચિત્રાંગદાને મોકલી એમનો સમાધિભંગ કરો." નારદે ઈંદ્રદેવની કરેલી કાનભંભેરણીનું તીર બરાબર નિશાન પર લાગી ચૂક્યું હતું.

દાયકાઓ બાદ ચિત્રાંગદાએ રાગરંગથી કંટાળી વલ્કલ અપનાવ્યાં. પણ તેજમય હજી ધરાયા નહોતા.

"દેવી, તમને તો શૃંગાર જેટલાં જ વલ્કલ અને પુષ્પાલંકાર શોભે છે. મને આ કાનમાં શોભતા મોગરાની મહેક મદહોશ બનાવી જાય છે."

"ઓહ! પુરુષપ્રકૃતિ બધે જ સમાન ભાળી. સ્વર્ગલોકના દેવ કે પૃથ્વીના સંત હોય, ભ્રમરવૃત્તિ સરખી જ... અમર્યાદ."

પ્રથમ પ્રહરે ચિત્રાંગદાના કાનના મોગરાના કુંડળે જળસમાધિ લીધી.

## ૧૨) નીંદણ - હીરલ વ્યાસ 'વાસંતીફૂલ'

જીવીએ ચૂલો ઠાર્યો, પેટની ભૂખ તો ભાંગી. દરરોજ રાત્રે ઓરડામાં પ્રવેશતી ત્યારે એને જીવા સાથે જીવ મળ્યાનો પહેલો દિવસ ને પહેલી રાત યાદ આવતાં. જીવો દીવાની શગ સંકોરતો ને જીવી નામનું અજવાળું એને અજવાળતું. જીવીને જીવાની બખ્તર જેવી છાતી પર માથું મૂકી સુવું ગમતું.

જીવાનો હાથ હળની જેમ આખ્ખા શરીર પર ફરતો ને મીઠા ચાસ પડતો. ખેતરમાં કામ કરીને કસાયેલા શરીરનો કિલ્લો એને સંતોષ આપતો. જીવી ખેતરે જઈ કૂવામાંથી પાણી સીંચતી ત્યારે ખેતર પાણી પીતું અને જીવો જીવીને. ખેતરની માટીમાં વરસાદ ભળતો એમ એ માટીમાં જીવો અને જીવી એકમેકમાં ભળતા. ક્યારેક અમી છાંટણાં તો

ક્યારેક ધોધમાર! જીવી આખ્ખા ગામને ગમતી પણ જીવો છે ત્યાં સુધી કોઈની મજાલ નથી કે જીવી સામે જુવે પણ ખરો.

શહેરથી આવેલો સરપંચનો દીકરો જીવી નામના અજવાળાને અડવા ગયો ને જીવાના ધારિયાએ નીંદણ વાઢ્યું.

## ૧૩) તલવાર - હિરલ કોટડીયા

સારિકાના નાજુક સ્પર્શે જગાવેલા સ્પંદનોથી મારા હાથ અનાયાસે એની જુલ્ફોમાં અટવાઈ ગયા. તીવ્રતાથી ચાલતા ધબકારાની સાક્ષીમાં અમારા બંનેના અધર વધુ નજીક આવ્યા. અને મેં એના અધર ને મારા અધરોમાં જકડી લીધા. એના સ્તનના ઉભાર પર ફરતા હાથે જગાવેલા સ્પંદનોને માણવા હૃદય કેટલાય ધબકાર ચુકી ગયું. એના નાજુક ટેરવા મારા વાળમાં ફરવા લાગ્યા. મારા હાથ પણ બધી સીમાઓ છોડીને ઝુલ્ફોથી એની કમર સુધી આવી ગયા. અને આ શું? કમર પર કટિબંધ? હું ભૂતકાળમાં ખોવાઈ ગયો. રાજકુમારી, નાજુક હોઠ અને કટિબંધ. મેં સારિકાનો હાથ પકડ્યો, રેખાઓ જોઈ અને જ્યોતિષ આત્મા બોલી ઉઠ્યો કે આહ રાજઘરાનાની લકીર.

“શું થયું ઋષિ?” એ બોલી.

“સારિકા, તને પુનર્જન્મમાં વિશ્વાસ ખરો?”

“ઋષિ, વાતો કરવાના રૂપિયા નથી લીધા હો.” એ બગડી.

અને હું મારા પૂર્વજન્મની યાદદાસ્તના અભિશાપનું, પૂર્વજન્મનું અને મને મારા પ્રેમથી દુર જવા વિવશ કરનાર રાણી ગજગામિની ઉર્ફે સારિકા સામે વેર લેવા કટીબદ્ધ થયો. પણ સારિકા આ વખતે પણ તલવાર લઈને આવી હતી અને હું વિવશ હતો એના સૌંદર્યની ધાર સામે.

## ૧૪) દમલી - ભારતીબેન ગોહિલ

પાણી વાળતો નંદુ અવાજ સાંભળી આવી પહોંચ્યો. ને અટક્યો-કોઈએ ’સ્ટેચ્યુ’ કહ્યું હોય તેમ. તેની આંખો દમલીના આખાયે દેહ પર ફરી વળી. ઓઢણું ખસી ગયેલું. ખુલ્લો થયેલ કબજો ને ઘાઘરા નીચે ખુલ્લા પગ જોતાં જ નંદુના સૂતેલ સપનાં જાગી ઊઠ્યા. બે ડગલાં ચાલી તેણે માટીયાળા પગથી ઝાંઝરને અડપલાં શું કર્યા...બન્નેની કાયા રણઝણ રણઝણ!

પેલું બચ્ચું ભાગ્યું એક તરફ ને તે બન્ને બીજી તરફ.... ભૂખ ભાંગવા!

તક મળતા જ નંદુ તો બેકાબુ. શરમની મારી દમલીએ હાથથી મોં ઢાંકી દીધું 'આજ તો નહીં છોડું' કરતો નંદુ પગ તરફ વળ્યો. ઝાંઝરથી શોભતા પગને અને સાથળ પરના તલને ચુંબન કરતો આગળ વધ્યો. બસ...પછી તો બે દેહ એક થઈ ગયાં. મિલનની પ્રથમ અનુભૂતિ, રોમાંચ અને ચરમસીમાની વાછટ શરીર સાથે મનને પણ લથબથ કરી ગઈ! ઓઢણું ફરી પોતાની જગ્યાએ ગોઠવાયું.

"નંદુ... હું કેવા આવી'તી... મારા બાપુ તારે ઘેર કરજની ઉઘરાણીએ ગ્યા છે." જવાબમાં નંદુને ઘણુંય કેવુ'તું પણ દમલી સાંભળે તો ને?

## ૧૫) ઓકે - સમીક્ષા ઠૂંમ્મર

દરવાજો ખોલીને તૃપ્ત ઘરમાં આવ્યો. એણે ચાવીને ટીપૉય પર ફંગોળી અને સોફામાં પડતું મૂક્યું. આજનો દિવસ ખૂબ હેક્ટીક રહ્યો. થાકીને ચૂર થઈ જવાયું હતું. એણે મોબાઇલ હાથમાં લીધો. નવસો મેસેજ! આખો દિવસ વૉટ્સ ઍપના મેસેજ જોવાનોય સમય મળ્યો નહોતો. કંટાળીને એણે બધાને 'ઓકે'નો મેસેજ ફોરવર્ડ કરી દીધો....

થોડીવારે ખાલી રસોડામાં નજર નાખીને એ બાથરુમમાં ઘુસી ગયો. શાવરના પાણી સાથે થાક ઓગળતો રહ્યો.

ભીના વાળ લુછતો એ બહાર આવ્યો.... ને અચાનક.... અંધકારને ચીરીને ચાંદની પ્રવેશી.

આકર્ષક અદાઓથી દિવાસળી ને' માચીસનું મિલન કરાવી, એણે મીણબત્તી પ્રકાશિત કરી. તૃપ્ત કંઈ સમજે એ પહેલા તે આલિંગનમાં જકડાઈને હોશ ગુમાવી બેઠો.... સુગંધ, શ્વાસ ને સમન્વય....

"ખરેખર! જયાં સુધી તું છે.... નશાબંધી થઈ જ ના શકે!" સંતુષ્ટ થયેલો તૃપ્ત બોલ્યો.

"જીજુ... તમે મને ઓળખો જ ક્યાં છો...! અમે ભલે જુડવા હોઈએ, પણ હું સોહિની કરતાં વધારે મીઠી છું...."

ઝટકાથી તૃપ્તે એને આલિંગનમાંથી અળગી કરી.... અને સોહિનીના ગળાની પાછળ આવેલો તલ શોધવાનો પ્રયત્ન કર્યો. પણ તલ મળ્યો નહીં! એ આઘાત સાથે બોલ્યો, "મોહીની....?"

છેડતીભર્યા સ્વરે મોહીની બોલી,"બહુ ભોળા ના બનો જીજુ... મેં તમને મેસેજ કરેલો છે કે દીદી બહાર જાય છે તો આપણે.... ને તમે 'ઓકે'નો રિપ્લાય પણ આપેલો છે! એટલે જ તો હું આવી...!"

તૃપ્ત એને એકટક તાકી રહ્યો.

## ૧૬) અજાણી - નીવારોઝીન રાજકુમાર

એનું માથું પૂર્વના ખભે ટેકાઈ ગયું. પૂર્વ થોડો સંકોચાઈ ગયો. થોડી અવઢવ પછી અજાણીને જગાડવા હાથને સ્પર્શ્યો પણ જાગવાનાં બદલે એ પૂર્વનો હાથ જકડી પોતાના ખભા અને ગાલ વચ્ચે દબાવી થોડું એની બાજુ ફરી ગઈ. અજાણીનાં શ્વાસ પૂર્વનાં હાથ સાથે ટકરાવા લાગ્યા. યુવાન સ્ત્રીશરીરને મહેસુસ કરવાનો અનુભવ તો સાવ પહેલો હતો. એ નાજુક હથેળી પૂર્વનાં મનમાં અનેરા, અસહ્ય સ્પંદનો પેદા કરવા લાગી.

ઉડતી લટો પૂર્વનાં ચહેરાને ઉશ્કેરતી રહી. અંતે દુપટ્ટાએ ખસી લીધું. જરાતરા ડોકિયા કરતા એ ઉભારની હલચલે એનાં લોહીની ગતિ બધે વહેતી કરી મૂકી. બસ, ‘આ ઠીક નથી’ એ વિચાર ફગવી બહારનાં વરસાદની જેમ પૂર્વ વરસી પડ્યો. એ બંધ આંખો અને બંધ હોઠ.... એ ઉન્માદભર્યા, ઉંઘરેટા પ્રતિભાવે પૂર્વની હિંમત ખોલી નાખી. એનો હાથ હિંમતપૂર્વક અજાણીની બધી અજાણી જગ્યાઓ પર ફરી વળ્યો.

"બીસ મીનીટ કા હોલ્ટ હૈ...” ક્લીનરના અવાજ સાથે આખી બસમાં અજવાળુ રેલાઈ ગયું.

અજાણીએ બેગ હાથમાં લીધી અને બસમાંથી ઉતરી પડી.

એની પાછળ અવશપણે પૂર્વ પણ ઉતરી જ પડ્યો.

## ૧૭ ભ્રમ - ગોપાલ ખેતાણી

“તું અને જીમ? કોના માટે”

“અજયને તો તું...”

“ઓહ માય ગોડ...યુ ક્રેઝી!”

“હા યાર...એ છે જ એવો... પુશ અપ્સ કરે ત્યારે એના બાવડાં પાસે બાહુબલી પાણી ભરે, એની ચેસ્ટ જોઈને તો મને એવું લાગે કે હું તેને બાઈટ્સ આપી દઉં. હેર બેન્ડ ખોલી એની લટોને ઝાટકો આપે ત્યારે એવું લાગે કે સાક્ષાત શિવજી એ પોતાની જટા વિખેરી!”

“બસ બસ પાર્વતી…ખમૈયા કર… હવે ખબર પડી કે તારા શિવજીને રિઝવવા તે કેમ યુનીસેક્સ જીમ સિલેક્ટ કર્યું? ઓલ ધ બેસ્ટ રિયા!”

બીજા દિવસે રિયાએ જોયું કે એક જ ચેન્જ રુમમાંથી જીમ ઈન્સ્ટ્રક્ટર અને અજય બહાર નીકળ્યા. રિયાની હાલત તો કાપો તો લોહીના નીકળે! અજય તેની પાસેથી પસાર થયો અને બેગમાંથી તેનું પાકીટ પડ્યું. રિયા પાકીટ માટે નીચે વળી. જીમ ઈન્સ્ટ્રક્ટર નીચે વળેલી રિયાની ક્લીવેજને તાકી રહ્યો હતો એ રિયાથી અજાણ્યું નહોતું. પણ તેણે અજયના પાકીટમાં ભરાવેલા ફોટો સામે જોયું… એની આંખો ચાર થઈ ગઈ!

## ૧૮) બેબી ડોલ - સંજય થોરાત

"ઓહ! વૉવ! ફેન્ટાસ્ટીક ગર્લ!" એક સાથે બધા સૈનિકોએ ઉંહકારો ભર્યો.

ગઈકાલે રાત્રે જાપાનથી પાછા ફરેલા મેજરની રૂમમાં બ્યુટી ગર્લને જોતાં જ બોર્ડર પર તૈનાત બજરંગ સૈનિકો રંગમાં આવી ગયા. પરિવારથી દૂર એકલા રહેતા સૈનિકોએ એનું નામ ’બેબી ડોલ’ પાડી દીધું. આજે મેજરની એની સાથે પ્રથમ રાત હતી…. અતૃપ્ત વાસના ધરાવતા સાથી સૈનિકો લાઈવ ડેમો જોવા મળે એ માટે બારી બારણાંની તિરાડોમાં ગોઠવાઈ ગયા. ડીમ લાઈટ ઓન હતી….

વાંકડિયા ગોલ્ડન વાળમાં બેબી ડોલ મરલીન મનરો જેવી લાગતી હતી. મેજર એની ગોલ્ડન લટને ચહેરા પરથી દૂર કરી હાથ ફેરવતા ગાલ પર થઈ હોઠે અટક્યા, એની છાતીનાં ઉભારને મનભરીને માણી એને કમરેથી ઉંચકી બેડ પર સુવાડી અને આક્રમક શૈલીમાં પોતાની ચરમસીમા સંતોષી.

મેજરની આ જાપાની ગુડીયા એમના પુરતી સિમિત ન રહેતાં દરેક સૈનિકોને સેટીસફાઇડ કરતી રહી…. આ ખબર કર્નલને પહોંચી. એમણે તાત્કાલિક મેજરને બોલાવ્યા, "બ્લડી નૉનસેન્સ, શેઈમ ઓન યુ મેજર…."

"સર, ડુ યુ નો? આપણા સૈનિકોના ત્રણ રેપ કેસ મેં રફેદફે કર્યા છે."

"વ્હૉટ?"

"યેસ…. આ પ્લેઈંગ ડોલ એટલે જ જાપાનથી ખરીદી લાવ્યો…."

"ઓહ! ધેટ્સ ગ્રેટ મેજર…."

"અને હા…. મેઇન તો તમારી યુવાન દિકરી…."

## ૧૯) હું આવીશ - સંકેત વર્મા

"હું આવીશ!"

તરસીને ચૂર થઈ ગયેલી ધરતીના કાનમાં એના શબ્દો ગુંજવા લાગ્યા. બૅડરૂમની સોનેરી ચાદર પર પડેલી સળો જોઈને એની અંદર ઊઠેલી તપિશ તેજ થઈ ગઈ. આકાશમાં ઘેરાયેલું કાળું વાદળ જરા દૂર હતું. ઠંડો પવન ફૂંકાયો અને કાન પાછળ વ્યવસ્થિત ખોસેલી લટ એની આંખો પર આવીને એના રૂપને એક અનેરો વળાંક આપી ગઈ. તંગ શરીરને વળ આપી એણે ઘેરી રાત જેવા પોતાના વાળ ખોલી નાખ્યા.

"હું અને તું કંઈ જુદા છીએ?" એણે ધરતીનો હાથ પોતાના હોઠ પર ચાંપી દીધેલો.

ધરતીના એ હાથમાં એના ચુંબનોનો રંગ હતો. એ હાથનો સ્પર્શ ધરતીના ફાટ ફાટ થતા યૌવનના શિખરોને નવી જ ઊંચાઈ આપવા લાગ્યો અને એ ટેરવા એના અંગે અંગને ઝંકૃત કરવા લાગ્યા, તાપ ભાંગતા ગયા, પીસાતી ચાદરમાં કેટલાય સોનેરી સળો જન્મતા ગયા. છેક નજીક આવી ગયેલા વાદળે જોરદાર કડાકો કર્યો, ધરતી ધ્રુજી ઊઠી અને વાદળ વરસવા જ જઈ રહ્યું હતું...

...ને ડૉરબેલનો અવાજ આવ્યો!

ઊઠેલાં તોફાનને અંગે અંગમાં ભરીને ધરતી દરવાજા સામે જોઈ રહી.

## ૨૦) ટેસ્ટ - દિવ્યેશ વિ. સોડવડિયા

સામસામેના બાંકડે ગોઠવાયેલ બંને ક્યારથીય એકમેકના સંપૂર્ણ શરીરને નજરોથી પી રહ્યા હતા. ચાલીસી વટાવી ગયા હોવા છતાં નોકરી, દેખાવ અને લગ્નની ઇચ્છાના અભાવે બેઉ અપરિણીત રહી ગયેલા. આવેશભરી મનેચ્છાઓને પામવા બંને બગીચાની છેલ્લી નિર્જન દીવાલ પાસે ક્યારે પહોંચી ગયા એનુંય ભાન ન રહ્યું.

દીવાલને અઢેલીને લગોલગ આવતાની સાથે શર્મિંદી પાંપણો ઝૂકી ગઈ. 'કોઈ જોતું તો નથી ને?' એની ખાતરી કરીને બંનેના હાથ એકમેકની પીઠ પર વીંટળાઈને ચિપકી ગયા. નશીલી ગરદન પર લોહીનું ચાંભું પડી જાય એવા ગાઢ ચુંબન બાદ બંને રોમેરોમ ઉકળી ઉઠેલા દેહને સંતૃપ્ત કરતા રહ્યા.

વિખૂટા ન પડવાની ઇચ્છાને પળભરમાં ધરબી 'ભવિષ્યમાં આ સંયોગની ક્ષણો જ કામ લાગશે.' એવું સ્વગત વિચારતા બંનેએ ફરી આવરણો ઓઢી લીધા.

"હવે હું ’ટેસ્ટ’માં પાસ થઈ શકીશ. એ બદલ આભાર..." આંખોમાં અનોખા ચમકારાસહ કહેતા વસંત હળવું મલકાયો.

"કદાચ હુંય, તારો પણ આભાર." તરડાઈ ગયેલા હોઠ અજાણ્યા દોસ્તના હોઠે અડાડીને રાજે તરબતર યાદને માનસપટ પર કંડારી લીધી. ને બંને પોતપોતાના લગ્નની દિશામાં આગળ વધ્યા.

* * *

## શૃંગારની સંસ્કૃતિ - ધવલ સોની

શૃંગાર એટલે શું?

એક જ વાક્યમાં તેનો મોહક જવાબ આપવો હોય તો આમ આપી શકાય, "ફૂલોથી સજાવેલા સુગંધિત ઓરડામાં ઉત્કટતાથી રાહ જોઈ રહેલા પોતાના મનગમતા માણીગરને મળવા માટે સજીધજીને જઈ રહેલી સ્ત્રીના ચહેરા પર ધીરેધીરે ઉગી રહેલી લજ્જા અને આવનારી રોમાંચક પળો વિશે તેના મનોવિશ્વમાં ઉઠતા અલંકારોનું વિશ્વ એટલે શૃંગાર."

શૃંગાર શબ્દ સ્ત્રી સાથે એટલો ભળી ગયો છે કે સ્ત્રી વિના શૃંગારની કલ્પના ન થઈ શકે. આપણા મહાન ગ્રંથોમાં સ્ત્રી અને સ્ત્રીની કમનીયતા વિશે શબ્દોમાં જે આહ્લાદક વર્ણન થયું છે તે શૃંગારનો મહિમા દર્શાવે છે. શૃંગાર એટલે સૌંદર્ય. સ્ત્રીના સૌંદર્યના, તેની લજ્જા, કમનીયતા અને કામૂકતાના જે વખાણ આપણાં પૂરાણોમાં થયા છે તે યાદ કરીએ તો કવિકુલગુરુ, મહાકવિ વગેરે વિશેષણો જેમના વિષે વપરાયાં છે એ ’કાલીદાસ’ યાદ આવ્યા વગર રહે નહીં. કાલિદાસે પોતાના પુસ્તકો ’શાકુંતલ’ અને ’મેઘદૂત’માં સુંદરતાનો મહિમા કર્યો છે જે તેમની રચનાઓને ચિરંતન બનાવે છે.

‘रसो वै सः ’ અર્થાત બ્રહ્મ એ જ રસ છે. જ્યારે માનવીને આનંદની પ્રાપ્તિ થાય ત્યારે જાણવું કે એને રસની પ્રાપ્તિ થઈ છે પછી એ વીરરસ હોય કે રૌદ્ર, શૃંગાર હોય કે શાંત રસ.

ભરતમુનિના પ્રબંધ-ગ્રંથ ’નાટ્યશાસ્ત્ર’માં ’વિભાવ’ (ઉદ્દીપક પરિસ્થિતિ), ’અનુભાવ’ (ભૌતિક પરિણામ કે અભિવ્યક્તિ - જેમ કે અભિનય)’ અને ’વ્યભિચારી’ (અશાશ્વત મનોભાવ) એ ત્રણ પરિબળોને આધારે રસનિષ્પત્તિ થતી હોવાનું જણાવાયું છે. આ ત્રણેનો સમન્વય થતાં જે અનુભૂતિ થાય છે તે ’આસ્વાદનીય’ છે.

રસ એ વ્યક્તિના અંતઃકરણની સમૃદ્ધિ અને અનુભવનો વિષય છે, રસ એ અર્ક કે સત્વ છે. સાહિત્યના સંદર્ભે રસશાસ્ત્રમાં નવ રસ ગણાવાયા છે જેમ કે - શ્રુંગાર, હાસ્ય, કરુણ, રૌદ્ર, વીર, ભયાનક, બિભત્સ, અદ્દભુત, અને શાંત....

એક રંગની અનેક આભા હોય તેમ એક રસમાં અનેક ભાવો સમાયેલા છે. શૃંગાર રસમાં હર્ષ, આનંદ, ઉન્માદ, વિસ્મય, મોહ, ઈરોટીસીઝમ - લૈંગિકતા, સ્વાર્પણ, આરાધના વગેરે ભાવો નિહિત છે.

આ શૃંગારનો ખરો મહિમા પ્રસિદ્ધ માળવાધિપતિ મહારાજા ભર્તૃહરિએ વર્ણવ્યો છે. તેઓ જ્યારે મહારાણી પિંગળાના મોહપ્રેમમાં ગળાડૂબ હતા ત્યારે તેમણે "શૃંગારશતક" રચ્યું હતું, જેમાં તેમણે નારી અને તેની સાથેની કામક્રીડાની ધન્યતા બતાવી છે. પુરુષને પરવશ કરવા સ્ત્રીનું રૂપ અને તેની શૃંગારિક ચેસ્ટાઓ એ કામદેવનું અમોઘ શસ્ત્ર છે. આ શ્લોકની ધન્યતા જૂઓ.

शंभुस्वयंभुहरयो हरिणेक्षणानां    येनाक्रियन्त सततं गृहकुम्भदासाः ।

वाचामगोचरचरित्रविचित्रताय    तस्मै नमो भगवते मकरध्वजाय ॥१॥

“જેણે બ્રહ્મા, વિષ્ણુ અને મહેશને હંમેશ માટે મૃગનયની સુંદરીઓના, ઘરકામ કરનાર દાસ બનાવી દીધા હતા અને જેના વિચિત્ર ચરિત્રનો પાર વાણી પણ પામી શકતી નથી તેવા, મકરધ્વજસ્વરૂપ કામદેવને નમસ્કાર.”

ત્રિદેવને પણ મોહના માયાજાળમાં કેદ કરી શકનાર કામદેવનો મહિમા દર્શાવવા માટે ભર્તૃહરિએ સહુ પ્રથમ તેમને નમસ્કાર કરીને શૃંગારશતકની શરૂઆત કરી છે. શૃંગારશતકમાં સ્ત્રીની લાક્ષણિકતાઓને તેમણે બહુ કમનીય રીતે વર્ણવી છે. સ્ત્રીનું સ્મિત, હાવભાવ, લજ્જા, ભીરુતા, કટાક્ષ વગેરે મનુષ્યને સંમોહિત કરીને બાંધી લે છે. આ કારણે જ મહાકવિ કાલિદાસે તેને “સુકુમાર પ્રહરણ”, એટલે કે ’અત્યંત સુકોમલ શસ્ત્ર’ કહ્યું છે. શૃંગારશતકમાં સ્ત્રીના અંગમરોડ, તેની વાત કરવાની શૈલી, તેની કાયાના વળાંકોને બહુ મોહક રીતે વર્ણનમાં વણી લીધા છે.

તેના એક શ્લોકમાં સ્ત્રીનો મહિમા દર્શાવતા તેમણે કહ્યું છે કે “ચંદ્રના જેવું પૂર્ણ ખીલેલું મુખ, કમલની શોભાને શરમાવે તેવાં નેત્રો, સુવર્ણના જેવો સુંદર વર્ણ, ભ્રમર જેવા કાળાભમ્મર કેશપાશ, હાથીના ગંડસ્થળ જેવા સ્તનો, ભારે નિતમ્બો અને વાણીની મનોહારી મધુરતા આ બધું જ યુવતીઓનું સ્વાભાવિક આભુષણ છે.” આ છે શૃંગારનું મહત્વ જેનું વર્ણન મહર્ષિ ભર્તુહરિએ શૃંગારશતકમાં અકલ્પનીય રીતે કર્યુ છે.

તેમણે સ્ત્રીઓને સૌંદર્યની ટોચ પર બેસાડી છે. આટલેથી ન અટકતાં એક શ્લોકમાં તો તેમણે સ્ત્રીઓની મોહકતા સામે તો શસ્ત્રો અને શાસ્ત્રોને પણ ધાર વગરના ગણ્યા છે.

"શિર ઉપર માલતીનાં પુષ્પોની માળા, મુખમાં બગાસાં, શરીર ઉપર કેસર મિશ્રિત ચંદનનો લેપ અને ઉર ઉપર પડેલી મદભર પ્રિયતમા – આને જ સ્વર્ગ કહેવાય, બાકી શાસ્ત્રો તો પરિશિષ્ટ (એટલે કે બિનજરૂરી કે વધારાના) છે."

શૃંગારરસનો જે પ્રભાવ ભર્તુહરિએ વર્ણવ્યો છે તેના વગર તો જિંદગી પણ સુંદરતાને તરસતી રહે. શૃંગાર સહુના હૈયે વસેલો છે. સુંદરતાને આપણે આંખથી જોઈએ છીએ પણ તેને ઝીલવાનું કામ તો આપણું મન કરે છે. જો મનમાં શૃંગાર વસેલો હોય તો આખી દુનિયા તમને શૃંગારમય લાગી ઉઠશે.

સવારે ઉઠીએ ત્યારે સૂરજને આવકારતી ધરતી, વૃક્ષની લીલીછમ છટાદાર ઘટાઓ, એ ઘટાઓ વચ્ચેથી માધૂર્ય છલકાવતાં પંખીઓ, બપોર વેળા સીમમાં વિરામ ખાતી વનરાજીઓ, સંધ્યાટાણે આકાશમાં ફેલાઈ જતાં સોનેરી વાદળોની કતાર, રાત્રે તારા અને ચંદ્રની યુતિથી શોભાયમાન આભ.... આ પ્રાકૃતિક સૌંદ્રય છે, શૃંગાર છે. આ બધા વગર શૃંગારની કલ્પના કરી જૂઓ.

શૃંગારરસ તો એ કાવ્ય છે જે દર્દને પણ ઉભારે અને પ્રેમને પણ છલકાવે.

જનજીવનમાં પ્રતિબિંબિત થતી લાગણીઓ પણ શૃંગારરસ કહી શકાય. મનુષ્યના વિધવિધ ભાવો પણ વ્યક્તિત્વનો શૃંગાર છે.

તમે કદી વૃક્ષની કોઇ ડાળ પર કે કોઈ છત પર ચાંચમાં ચાંચ નાખીને પ્રેમ કરતાં પંખીઓની નજાકત જોઈ છે? એ શૃંગાર છે.

બગીચાના કોઈ ખૂણે દુનિયાથી સાવ અલિપ્ત થઈને ગૂફ્તગુ કરતાં બે પ્રેમીઓ વચ્ચેના મૂક સ્પંદનો જોયા છે? એ શૃંગાર છે.

કૂવે પાણી ભરવા ગયેલી પનિહારીની પાણીદાર આંખો કોઇને ખબર ન પડે તેમ દૂર બેઠેલા તેના મનગમતા ભડવીરની મૂછો સામે જોઈ મલકાતી હોય એ શૃંગાર છે.

અવ્યક્ત લાગણીઓ જ્યારે છાતી ફાડીને વ્યક્ત થાય ત્યારે હૈયામાં અભિવ્યક્તિનું જે વંટોળ દોડી આવે તે છે શૃંગાર.

'શ્રીમદ ભાગવત'ના એક શ્લોકમાં શૃંગારનું ભાવનિરૂપણ જૂઓ, "ભગવાનના અંગોનો સંસ્પર્શ પ્રાપ્ત કરીને ગોપીઓની ઈંદ્રિયો પ્રેમ અને આનંદથી વિહ્વળ બની ગઈ. એના કેશ વિખરાઈ ગયા, ફૂલોના હાર તુટી ગયા અને આભૂષણ અસ્તવ્યસ્ત થઈ ગયાં. તેઓ પોતાના કેશ, વસ્ત્ર અને કંચૂકીને પણ સંભાળવામાં અસમર્થ બની ગઈ."

શૃંગારરસને સમજવો હોય તો નજરમાં માત્ર પ્રેમનો નહીં, પ્રેમાસક્ત ભાવ સાથે ઉત્કટ તરસ જોઈએ.

શ્રી યોગેશ્વરજીએ એક કવિતામાં શૃંગારને બહુ સરસ ભાવ આપ્યો છે.

પ્રત્યેક પળે હવે તું મને તારા પ્રેમનો પીયુષપ્યાલો પાય છે

ને એના અલૌકિક આસ્વાદમાં એક કરી દે છે.

હું જ કોઈ પ્યાલો હોઉં તેમ_

તેં મને જ તારો પ્રેમપ્યાલો બનાવી દીધો છે,

ને તેને પીતાંપીતાં તું પરમ તૃપ્તિ ને મસ્તીનો અનુભવ કરે છે.

પ્રત્યેક પળે તું તેને ખાલી કરે છે ને ભરે છે.

- શ્રી યોગેશ્વરજી

શૃંગારનો બીજો અર્થ કામૂકતા પણ થાય છે. અજંટા-ઈલોરા, એલીફન્ટા ને ખજૂરાહો જેવા મંદિરોના સ્તંભો-તોરણો-દિવાલો પરની પ્રતિમાઓમાં પુરુષ અને સ્ત્રી વચ્ચેની જે ઉત્કટ પ્રેમાળ ચેષ્ટાઓ અને કામક્રીડાનું જે તાદ્દશ ચિત્રણ જોવા મળે છે તે પણ શૃંગારરસનું પ્રતિનિધિત્વ કરે છે. ભિન્નભિન્ન અંગભંગિમાવાળી પ્રતિમાઓ અને રતિક્રિયા વેળાની ક્ષણોને પથ્થરો પર કોતરાયેલી જોઇને આજની આપણી મોર્ડન કહેવાતી પ્રજા મોંઢું ફેરવી લે છે પરંતું જો અંતરમનથી તેમાં રહેલું સૌંદર્ય જોવામાં આવે તો શૃંગારનો સાચો મહિમા સમજી શકાય.

સહવાસની ક્રિયા પણ શરીરની બીજી ક્રિયાઓ જેવી જ સાહજીક ક્રિયા છે અને તેમાં લગીરેય આછકલાઈ નથી. જોકે આપણે એ એટલું સાહજીકતાથી નથી જોઈ શકતાં એ પણ એક હકીકત છે. ઉલટાનું એક ગેરમાન્યતા આપણા નવયુવાનોમાં ઘર કરી ગઈ છે કે શૃંગાર એટલે સંભોગ. એ વાત સાચી કે શૃંગાર કામને પ્રભાવ આપે છે પણ તેનો અર્થ એ નથી કે શૃંગાર એટલે માત્ર કામક્રીડા. શૃંગાર એટલે શતપ્રતિશત પ્રેમનો ભાવ. હા, તેમાં કામૂકતા હોય પણ એ કામૂકતા વાસનાની મર્યાદા વટાવતી ન હોવી જોઈએ.

શૃંગાર કંઈ બે આકૃતિઓના મિલનની પરાકાષ્ઠા માત્ર નથી. શૃંગારરસ તો છૂપાયો છે બે નજરો વચ્ચેના અકથ્ય ભાવમાં, મિલન પહેલા થતી પ્રેમચેષ્ટાઓના અતિરેકમાં, હાંફી જતા શ્વાસોની દોડાદોડમાં અને ઝાકળની જેમ એકમેકમાં ભળી જતાં પરસેવાના ટીપામાં, ઉરોજોના ઉન્નત શિખરને ચૂમી રહેલા હોઠોની રમતમાં, ગાઢ આલિંગનની સ્થિતિમાં સામસામે ભીંસાતી છાતીની વચ્ચે ઉગતી આહ્લાદકતામાં અને સ્પર્શની સુગંધ માત્રથી ચરમસીમાએ પહોંચતા બે હૈયાના નીજાનંદમાં.

સ્ત્રી અને પુરુષ વચ્ચે રચાતા કામશાસ્ત્ર અને શૃંગારરસથી અભિભૂત થઈને જ મહર્ષિ વાત્સ્યાયનની કલમે ઉત્તમ પુસ્તક "કામસૂત્ર" રચિત થયું છે. માનવીય લૈંગિક અભિગમ પર સંસ્કૃત સાહિત્યમાં લખવામાં આવેલું આ પ્રાચીન પુસ્તક ખુદમાં એક શૃંગાર છે.

શૃંગારરસનું મૂળ છે નજાકત. કુદરતની એ બક્ષિશ છે કે સ્ત્રીઓની લાક્ષણિકતામાં જ નજાકત છૂપાયેલી છે. લજ્જા અને નજાકતના ભાવથી સ્ત્રીના હૈયામાં રહેલા સ્પંદનો જ્યારે પુરુષ સુધી પહોંચે છે ત્યારે પોતાની ભુજાઓમાં તેને સમાવી લઈને તેની લાગણીઓને સંતોષવાનું કામ પુરુષ કરે છે. શૃંગારરસને આપણાં પૂરાણોમાં સ્ત્રીની માધુરતા સાથે સાંકળ્યો છે અને એટલે જ સ્ત્રીથી અલગ શૃંગારની કલ્પના થઈ ન શકે. જોકે એવું નથી કે શૃંગારનું પ્રતિનિધિત્વ માત્ર સ્ત્રી જ કરે છે. શૃંગારની આત્મા જો સ્ત્રી છે તો તેનો દેહ પુરુષ છે. શૃંગારનું સંવેદન સ્ત્રીનું છે પણ એ સંવેદનનો આધાર પુરુષ છે. સ્ત્રી લાગણીઓની જનક ખરી પણ તેનો પોષક પુરુષ છે. સ્ત્રીની છાતી શૃંગારનું ઉદ્‌ભવસ્થાન છે તો પુરુષનું હ્રદય તેનું અંતિમસ્થાન.

શૃંગાર સ્ત્રી અને પુરુષના મિલનથી સર્જાય છે પણ એ મિલન શરીર માત્રનું હોય તેવું જરૂરી નથી.

"કોઈ ડોસો જ્યારે બોખા મોંથી સહેજ હસે અને તેનો પડઘો પાડતી હોય તેમ સામેના ઘરની બાલ્કનીમાં ડોસી મધમીઠું મલકી ઉઠે તો એ પણ છે શૃંગાર."

- ધવલ સોની

# સર્જન છઠ્ઠા અંકની ટીમ

| | | | | |
|---|---|---|---|---|
| રાજુલ ભાનુશાલી | સ્વાતી નાયક | સંજય ગુંદલાવકર | ડૉ. રાજેશ વણકર | ધવલ સોની |
| મિતલ પટેલ | નિમિષ વોરા | ભારતી ગોહિલ | વિભાવન મહેતા | સુષમા શેઠ |
| લીના વછરાજાની | હિરલ વ્યાસ | હિરલ કોટડીયા | સમીક્ષા ઠુમ્મર | નીવારોઝીન રાજકુમાર |
| ગોપાલ ખેતાણી | જલ્પા જૈન | સંજય થોરાત | સંકેત વર્મા | દિવ્યેશ સોડવડીયા |
| મીરા જોશી | જીજ્ઞેશ અધ્યારૂ | હાર્દિક પંડ્યા | અને સમગ્ર 'સર્જન' વોટ્સએપ ગ્રૂપ | |

Magazine inspired by and result of whatsapp group 'Sarjan'

http://Microsarjan.in